મજુર અદાલત, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ(એલસીવી) નં.૬૮/૨૦૧૪

આંક–૨૯

પ્રથમ પક્ષકારઃ **ન્યુટ્રલ ગ્લાસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ લિ.**
મુ.પો. તરસાડી, કોસંબા(આર.એસ),
તા.માંગરોલ,જિ.સુરત.

વિરુઘ્ઘ

બીજા પક્ષકારઃ **રફીક ઈબ્રાહીમ શેખ.**
મુ.પો.આમોદ, પો.ખરચ,
તા.હાંસોટ, જી.ભરૂચ.
C/o. ગુજરાત રાજ્ય કામદાર સેના,
મુ.પો.સોલઘરા, મોચીવાડ,
તા. ચિખલી, જિ.નવસારી.

હાજર રહ્યાઃ

પ્રથમ પક્ષકાર તરફેઃ વિદ્વાન વકીલ શ્રી એચ.એમ.દેસાઈ.

બીજા પક્ષકાર તરફેઃ વિદ્વાન યુનિયન પ્રતિનિધિશ્રી આર.સી.પટેલ/ આસીફભાઈ શેખ.

–::ખાતાકીય તપાસની કાયદેસરતા અંગે હુકમ::–

(૧) સદર કામે પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર સામે ખાતાકીય તપાસ કરી ખાતાકીય તપાસના અંતે નોકરીમાંથી બરતરફીનો હુકમ કરતા તે સંદર્ભે બીજા પક્ષકાર દ્વારા સુરતના મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ફરિયાદ કરતા તેના દ્વારા સુરતના કચેરીના હુકમ ક્રમાંકઃ કે.એચ./ એસ.એચ.એમસી./ ૨૯૬૭/ એ.જે./ આઈ.ડી.આર./ ૩૬ /૧૪, તારીખ–૧૭ /૦૨/ ૨૦૧૪ થી પક્ષકાર/ શ્રમયોગીને(જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે) તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં(કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સામાવાળા'' તરીકે ઉલ્લેખ કરેલ છે) પુનઃસ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) ત્યારબાદ સદર કામે અરજદાર તરફે આંક-૫ થી માંગણાનું નિવેદન રજુ રાખેલ અને જે નિવેદનમાં જણાવેલી હકીકતો પૈકી હાલના તબક્કે ખાતાકીય તપાસ સંદર્ભે લીધેલી તકરારો સંદર્ભેની હકીકતો જોઈએ તો," અમો બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૧૨/૯૭ નાં રોજથી હેલ્પરના હોદ્દા ઉપર એમ.આર.એસ. ડિપાર્ટમેન્ટમાં છેલ્લા માસીક રૂપિયા ૫,૨૦૦/- ના પગારથી કાયમી કામદાર તરીકે અમારી નોકરીના ફરજો સંપૂર્ણપણે ખંતથી, વફાદારીથી અન કાર્યક્ષમતાથી બજાવતા હતા અને કામમાં કોઈ દિવસ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી અને તે રીતે અમારો સર્વિસ રેકોર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો અને છે.પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફાર્માસ્યુટીકલ ઉધોગોમાં લાઈફ સેવિંગ ડ્રગ્સના પેકીંગ માટે વપરાશમાં આવતી વાયલ્સ અને બોટલ્સનું ઉત્પાદન કરતી સારી અને સધ્ધર સંસ્થા છે જેને વિવિધ મુજર કાયદાની જોગવાઈઓ જેવી કે, આઈ.ડી.એક્ટની મીનીમમ વેજીસ એક્ટની ફેક્ટરી એક્ટની, પી.એફ. એક્ટ અને સ્કીમ મોડેલ સ્ટેન્ડીંગ ઓડર્સ વિગેરે તમામ મજુર કાયદાની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડે છે અને તે જોગવાઈઓનું પાલન કરવાની સંસ્થાની કાયદેસરની ફરજ હતી અને છે. અમો બીજા પક્ષકાર કામદાર અને અમારી સાથે સંસ્થામાં કામ કરતા મોટા ભાગના કામદારો અમારા કાયદેસરના હક્કો અધિકારો માટે, નોકરીની સારી શરતો અને પગાર વધારા બાબતે યુનિયન "ગુજરાત રાજ્ય કામદાર સેના" માં સભાસદ તરીકે જોડાયેલા અને તે બાબતની સંસ્થાને લેખિતમાં જાણ પણ કરવામાં આવેલી અને વિવિધ માંગણીઓ ઉપસ્થિત કરી તે અંગેની કાયદેસરની કાર્યવાહી કરેલ. અમો બીજા પક્ષકાર કામદાર અને અમારી સાથેના અન્ય કામદારો સદર યુનિયનમાં જોડાતા તે બાબતે સંસ્થાના સંચાલકોને શરૂઆતથી જ અણગમો રહેતો હતો અને સદર યુનિયન બનાવવામાં તેમજ સદર યુનિયન પ્રવૃત્તિમાં અમો આગળ પડતા કાર્યકર અને લીડર હોય શરૂઆતથી જ સંસ્થા અમારા પ્રત્યે કિન્નાખોરીભર્યુ વલણ દાખવતી હતી અને તેના ભાગરૂપે સંસ્થા દ્વારા અમો બીજા પક્ષકાર કામદારને તા.૧૮/૦૬/૨૦૧૨ ના રોજ કહેવાતા કેટલાક આક્ષેપોવાળુ તહોમતનામું આપેલ. તે પહેલા ખોટી રીતે અમોને તા. ૨૮/૦૫/૧૨ ના રોજથી પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલ.

વધુમાં તા. ૧૮/૦૬/૨૦૧૨ ના રોજનું તહોમતનામું ખોટા અને ઉપજાવી કાઢેલ કારણોસર આપેલ. તહોમતનામામાં દર્શાવેલ આક્ષેપો કે કહેવાતી ગેરવર્તણુંક અમોએ ક્યારેક કરેલ નથી.અમો બીજા પક્ષકાર દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૨ ના રોજ તા. ૧૮/૦૬/૨૦૧૨ ના રોજના તહોમતનામાનો જવાબ વિસ્તૃત અને લંબાણપૂર્વક આપી સાચી હકીકત જણાવેલ. આમ છતાં સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતરશમ અપનાવી યુનિયન પ્રવૃત્તિના કારણે વીક્ટીમાઈઝ કરવાના બદઈરાદાથી ખાતાકીય તપાસ કરવાનું આયોજન કરેલ. સંસ્થા દ્વારા ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી સુરેશભાઈ એન. રઘુવંશીની નિમણુંક કરવામાં આવેલ તેવી જાણ અમોને તા.૦૩/૦૭/૨૦૧૨ ના પત્રથી કરેલ. તપાસ દરમ્યાન શ્રી સુરેશ એન.રઘુવંશીનાને તપાસ કરવા માટે અધિકૃત કરેલ હોય એવો કોઈ નિમણુક પત્ર કે ખાતાકીય તપાસ અધિકારી તપાસ કરવા માટે સંમતિ દર્શાવેલ હોય તેવો કોઈ સંમતિ પત્ર ખાતાકીય તપાસ દરમ્યાન રજુ કરવામાં આવેલ કે તેની અમોને કોઈ જાણકારી આપવામાં આવેલ નહી. તે જ રીતે સંસ્થા તરફથી રજુઆત કરવા માટે દિલીપ જે.રાઠોડને અધિકૃત કરેલ હોય એવો કોઈ નિમણુક પત્ર કે રજુઆત અધિકારી તપાસમાં રજુઆત કરવા માટે સમંતિ દર્શાવેલ હોય તેવો કોઈ સંમતિ પત્ર ખાતાકીય તપાસ દરમ્યાન રજુ કરવામાં આવેલ નહિ.ખાતાકીય તપાસ અધિકારી હરહંમેશથી છેલ્લા કેટલાક વર્ષોથી સતત રીતે સંસ્થા સાથે સંકળાયેલા છે સંસ્થા પાસેથી ફી લઈ સલાહ સુચનો આપતા આવેલા છે. અને હરહંમેશથી સંસ્થાના હિતમાં ખાતાકીય તપાસ કરતા આવેલ છે. તા. ૨૩/૦૭/૨૦૧૨ ના રોજની ખાતાકીય તપાસમાં અમો હાજર રહેલ. અમોએ બચાવના પ્રતિનિધિ નીમવા માટેની તક આપેલ નહિ. તા. ૨૩/૦૭/૨૦૧૨ ની તપાસ દરમ્યાન તપાસ શરૂ કરતા પહેલા અને તપાસ દરમ્યાાન પણ અમોને તપાસ અધિકારી દ્વારા ખાતાકીય તપાસના પ્રોસીજરના તબક્કા અંગેની અમોને કોઈ જાણકારી આપવામાં આવેલ નહિ અને આમ કરી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કરવામાં આવેલ. તે દિવસની ખાતાકીય તપાસની કાર્યવાહીની નકલ અમોને આપવામાં આવેલ નહિ. તા.૨૩/૦૭/૨૦૧૨ ની તપાસ તેમજ ત્યારબાદની તારીખો દરમ્યાનની તારીખોમાં અમો હાજર રહેલ. તારણોની નકલ જોતા શ્રી કે.આર.નીકમનું નિવેદન લેવામાં આવેલ. અમોને

મેનેજમેન્ટના સાક્ષીની ઉલટ તપાસ કરવાની કોઈ વ્યાજબી તક આપવામાં આવેલ નહિ.અમારી રજુઆત તેમજ ઉલટ તપાસના પ્રશ્નો ખોટી રીતે નામંજુર કરવામાં આવેલ અને તેની કોઈ નોંધ કરવામાં આવતી ન હતી. અમોને ખાતાકીય તપાસની પ્રોસીડીંગ્સની કોઈ નકલ આપવામાં આવેલ નહી. ત્યારબાદની ખાતાકીય તપાસની કાર્યવાહી દરમ્યાન પણ તારણોની નકલ જોતા અન્ય સાક્ષીઓની જુબાની નોંધવામાં આવેલ પરંતુ તે સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની કોઈ તક અમોને આપેલ નહિ. અમોએ ક્યારેય પણ ઉલટ તપાસ કરવાની નથી એવુ જણાવેલ નથી કે તારણોમાં દર્શાવ્યા મુજબ ઉલટ તપાસ કરેલ નથી. અમોને ખાતાકીય તપાસની કાર્યવાહીની કોઈપણ દિવસની નકલો આપવામાં આવેલ નહિ. અમોને અમારા સાક્ષી પુરાવા કે બચાવના સાક્ષી પુરાવા કે બચાવનું નિવેદન રજુ કરવાની કોઈ તક આપેલ નહિ.અમોને અમારુ નિવેદન રજુ કરવુ કે કેમ? અમારા બચાવના સાક્ષીઓ રજુ કરવા છે કે?તેની કોઈ પુછપરછ કરેલ નહિ. તપાસ અધિકારીએ કોઈપણ જાતની સમજ આપ્યા સિવાય ફક્ત અમારી પાસે સહીઓ કરાવેલ. તપાસ દરમ્યાન અમોને સંસ્થાએ રજુ કરેલ પુરાવાની નકલ આપવામાં આવેલ નહિ.

સમગ્ર ખાતાકીય તપાસ કાયદા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ યોજવામાં આવેલ. તપાસ દરમ્યાન અમોને બચાવની વ્યાજબી અને પુરતી તકો આપેલ નહિ. અમો કામદારની ખાતાકીય તપાસ સંસ્થા દ્વારા તદ્દન અયોગ્ય, અન્યાયી, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરીને ચલાવવામાં આવેલ છે. અમોને સાક્ષીઓની ઉલટ તપાસ માટે વ્યાજબી તક આપેલ નહિ તપાસ અધિકારી ઉલટ તપાસ નિયત ફોર્મમાં સવાલ– જવાબના રૂપમાં કે કાયદેસર રીતે ઉલટ તપાસની કાર્યવાહી નોંધતા ન હતા.આમ, તપાસ અધિકારીએ સ્વતંત્ર રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ કાર્યવાહી કરવાને બદલે સંસ્થાના હિતમાં સંસ્થાને ફાયદો થાય તે રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ ખાતાકીય તપાસ ચલાવેલ.ખાતાકીય તપાસ દરમ્યાન તપાસ અધિકારી મેનેજમેન્ટના સાક્ષીઓના નિવેદનો માટે પોતે જાતે જ દર વખતે મુદ્દતો આપતા હતા તેનાથી વિપરિત અમોને અમારૂ બાચવનું નિવેદન કેવી રીતના આપવુ તેની કોઈપણ તક આપ્યા સિવાય કે સમજવાની કે

વિચારવાની કોઈપણ જાતની તક આપ્યા સિવાય અમોને અમારા સાક્ષી પુરાવા રજુ કરવાની પુરતી તક આપ્યા સિવાય તા. ૦૬/૧૨/૨૦૧૨ ના રોજ તપાસની કાર્યવાહી પુરી કરેલ અને તેની કાર્યવાહીની નકલો અમોને આપવામાં આવેલ તેના સિવાય કોઈપણ મુદ્દતની કાર્યવાહીની નકલો કે દસ્તાવેજી પુરાવાની તમામ નકલો આપેલ નથી. સંસ્થા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૩ ના રોજની સેકન્ડ શો કોઝ નોટિસ તથા તારણોની નકલ અમોને આપેલ જેનો જવાબ અમોએ તા. ૩૦/૦૧/૨૦૧૩ ના રોજ આપેલ. સંસ્થાએ અગાઉથી જ અમોને બરતરફ કરવાનું મન બનાવેલ જે હકીકત તા. ૨૩/૦૧/૨૦૧૩ ના પત્રથી સાબિત થાય છે. તપાસ અધિકારીનો રીપોર્ટ ખોટો, પરવર્સ અને પડેલા પુરાવાથી વિપરિત છે. તપાસ અધિકારીએ જે રીપોર્ટ આપેલ છે તે ખોટો, પરવર્સ અને પડેલા પુરાવાથી વિપરિત છે. તપાસ અધિકારીએ જે રીપોર્ટ આપેલ તે અસ્પષ્ટ અને વેગ છે અને અમોને ખોટી રીતે કહેવાતા સાક્ષીઓના નિવેદનો તથા તપાસના કહેવાતા દસ્તાવેજોને ખોટી રીતે માન્ય રાખી અમોને કસુરવાર ઠેરવેલ છે. સંસ્થા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૩ ના રોજની સેકન્ડ શો કોઝ નોટિસમાં તહોમતનામામાં જણાવેલ તમામ આક્ષેપો પુરવાર થયેલ છે તેવું ખોટી રીતે માનેલ. સંસ્થા દ્વારા અમારા તા.૩૦/૦૧/૨૦૧૩ નો લેખિત ખુલાસો મળ્યા બાદ ખોટી રીતે સેકન્ડ શો કોઝ નોટિસ–૨ તા. ૧૩/૦૩/૨૦૧૩ના રોજ આપેલ. જેનો જવાબ અમોએ આપેલ. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા અમારો ખુલાસો કે બચાવ ધ્યાનમાં લીધા સિવાય તા.૧૯/૦૬/૨૦૧૩ થી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરેલ. તા. ૧૯/૦૬/૨૦૧૩ નો હુકમ કાયદા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે. સંસ્થા દ્વારા યુનિયન પ્રવૃત્તિના કારણે સત્તાનો વધુ પડતો ઉપયોગ કરી કલરફુલ એક્સાઈઝ કરી વીકટીમાઈઝ કરવાના ઈરાદાથી અમોને છુટા કરેલ છે. અને અમારુ આર્થિક મૃત્યુ નિપજાવેલ છે. અમો દ્વારા તહોમતનામામાં જણાવેલ કોઈ ગેરવર્તણુક કરેલ નથી.અમો દ્વારા તા.૧૮/૦૬/૨૦૧૨ ના રોજના તહોમતનામામાં જણાવ્ય મુજબ કોઈ ગેરવર્તણુક કરેલ નથી. અમારો તા.૨૫/૦૬/૨૦૧૨ ના રોજના જવાબને ધ્યાને લેવામાં આવેલ નથી .કન્સાઈનમેન્ટના સી.ઓ.એફ. સર્ટીફીકેટ/ રીપોર્ટ બનાવવાની જવાબદારી અમારી નથી. ચાર્જશીટમાં પેરા–૧ થી ૮ માં જણાવેલ આરોપો ખોટા,

વેગ ,અસ્પષ્ટ છે. સદરહું આરોપો ફક્ત અને ફક્ત યુનિયન પ્રવૃત્તિને કારણે જ મુકવામાં આવેલ છે. અમો દ્વારા કઈ તારીખે અને ક્યા સમયે, ક્યા સ્થળે ગેરવર્તણુક કરેલ કે યુનિયનનો ફાળો ઉઘરાવેલ, કામની જગ્યા છોડી ફરજ બજાવી રહેલ કામદારોને ઉશકેરણી જનક વાતો કરી કામમાં ખલેલ પહોચાડેલ કે રીલીવર ન આવેલ હોય અને સંસ્તામાં કામગીરી બજાવવા તૈયાર હોય તેમની સાથે દાબ, દબાણ, ધમકીઓ આપીને તેમને શારિરીક ઈજા પોહચાડવાની ધમકી આપીને ગેરવર્તણુક કરેલ હોય તેવુ કોઈ કૃત્ય અમોએ કરેલ નથી. તમામ આરોપો અસ્પષ્ટ અને ખોટા હોવા બદલ અમોએ તેનો સ્પષ્ટ જવાબ આપેલ હોવા છતા તપાસ અધિકારીએ તે ધ્યાનમાં લીધેલ નથી અને પડેલ પુરાવાથી વિપરિત ફાઈન્ડીંગ આપેલ છે. અમોને આપવામાં આવેલ હિસાબ અપુરતો હોવા છતા જીવન નિર્વાહ માટે બચાવના હક્કો અબાધિત રાખી વાંધા સહિત સ્વીકારેલ છે.

ખાતાકીય તપાસ દરમ્યાન અમોને જીવન નિર્વાહ ભથ્થુ કાયદેસર રીતે ચુકવવામાં આવેલ નથી. જીવન નિર્વાહ ભથ્થુ કાયદેસર રીતે નહિ ચુકવાના કારણે અમો તથા અમારા કુંટુબનું ભરણ પોષણ કરી શકેલ નથી. જીવન નિર્વાહ ભથ્થુ અમોને કાયદેસર રીતે ૭૫ ટકા લેખે નહિ ચુકવેલ હોવાના કારણે જ અમો નાણાના અભાવે કાનુની સલાહ મેળવી શકેલ નથી અને તેથી અમો અમારા બચાવ ખાતાકીય તપાસ દરમ્યાન કાયદેસર રીતે કરી શકેલ નહિ. ઉપરોક્ત સંજોગોમાં અમો બીજા પક્ષકાર કામદાર વિરૂધ્ધ સંસ્થા દ્વારા હાથ ઘરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે તેવી અમારી તકરારને બાધ ન આવે તે રીતે અમો વધુમાં જણાવીએ છીએ કે, કોઈ પણ સંજોગોમાં જો નામદાર કોર્ટ એવા તારણ ઉપર આવે કે ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર, ન્યાયી અને વાજબી છે તો પણ તે કહેવાતી ખતાાકીય તપાસના આધારે તપાસ અધિકારી દ્વારા આપવામાં આવેલા તારણો પર વર્સ છે અને તેના અનુસંધાનમાં વાધારાનો પુરાવો લેવાનો અમારો હક્ક અને અધિકાર આથી અમો અબાધિત રાખીએ છીએ."ઉપરોક્ત સંજોગોમાં દાદ માંગવાની કે,"અમો બીજા પક્ષકાર કામદારને તા. ૧૮/૦૬/૨૦૧૨ ના રોજથી તહોમતનામાના આધારે કરવામાં આવેલ કહેવાતી ખાતાકીય

તપાસ કાયદા અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની જાહેર કરશોજી. તપાસ અધિકારીનાએ આપેલ કહેવાતા તારણો પડેલા પુરાવાથી વિપરીત, ખોટા અને પરવર્સ હોવાનુ જાહેર કરી તે આધારે અમોને તા.૧૯/૦૬/૨૦૧૩ ના પત્રથી નોકરીમાંથી છુટા કરવાનું સંસ્થાનું કૃત્ય અયોગ્ય, અન્યાયી અને ગેરકાયદેસર, ગેરવ્યાજબી તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું છે તેવુ ઠરાવી અમો બીજા પક્ષકાર કામદાર પડેલા દિવસોના પુરા પગાર સાથે અમારી મુળ જગ્યાએ સળંગ સર્વિસથી અન્ય આનુષાગિક લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર થઈએ છીએ તેવો હુકમ કરવા મહેરબાની કરશોજી.આ રેફરન્સનો ખર્ચ પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી વસુલ અપાવશોજી."

(૩) સદર કામે સામાવાળા તરફે આંક–૭ થી લેખિત જવાબ રજુ રાખેલ અને જેમાં બીજા પક્ષકાર દ્વારા તેના માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ અને તેમાં ખાતાકીય તપાસ સંદર્ભે જણાવેલ છે કે, ખરી હકીકતે બીજા પક્ષકાર અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં સતત પ્રક્રિયાવાળા પ્લાન ઉપર નોકરીની ફરજ બજાવતા હતા. તેમને તેમની નોકરી દરમ્યાન તા.૩૦/૦૪/૨૦૧૨ થી તા.૨૭/૦૮/૨૦૧૨ સુધી અને ત્યારબાદ રીલીવર આવ્યા વગર નોકરીની ફરજ એકબીજાના મેળાપીપણામાં અને સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયાને માઠી અસર પહોંચાડવાના ઈરાદે ફરજ છોડી દઈ રીલીવર આવે ત્યાં સુધી ન રોકાય ઉપલા અધિકારી અને સ્થાયી હુકમોનો અનાદર કરેલ, તેમજ બીજા કેટલાક કર્મચારી સાથે મેળાપીપણામાં ઉપલા અધિકારીનો ઈરાદાપુર્વક અનાદર કરી કંપની તરફથી આપવામાં આવેલ ચાર્જશીટ, શો કોઝ નોટિસ, અને બીજા કેટલાક પત્ર વ્યવહારો લેવાનો ઈન્કાર કરેલ અને આ રીતે આવા બીજા ઉપલા અધિકારીના અનાદરથી કંપનીમાં ગેરશિસ્ત અને આંતકનું વાતાવરણ ઉભુ થાય તેવા કૃત્યો કરેલ અને કામદાર સાથે ચાલુ કામગીરીએ મિટીંગ બોલાવી ઉશકેરણીજનક વાતો કરી ઉત્પાદન પ્રક્રિયામાં ખેલલ પહોંચાડી સંસ્થા વિરૂધ્ધની પ્રવૃત્તિ કરતા સંસ્થાએ તેમનામાં મુકેલ વિશ્વાસ ગુમાવેલ અને તે કારણસર તેમને એક સ્પષ્ટ સમજી શકાય, વાંચી શકાય એવું સંપુર્ણ વિગતવાળુ તહોમતનામું આપવામાં આવેલ જે તહોમતનામું તેમને મળેલ અને તેમણે

તોહમતનામાનો ખુલાસો કરેલ અને તે ખુલાસામાં તમામ હકીકતો નકારેલ અને ઈરાદાપૂર્વક ખોટી ખોટી રજૂઆત કરેલ અને તે કારણસર તેમનો ખુલાસો સંતોષકારક ન લાગતા તેમની સામે ખાતાકીય તપાસ કરવાનું નક્કી કરેલ અને ખાતાકીય તપાસ અધિકારી તરીકે નિષ્પક્ષ વકીલ એવા સુરેશભાઈ રઘુંવશીની નિમણુંક કરેલ અને સુરેશભાઈ રઘુવંશીએ દરેક તબક્કે તેમને વ્યાજબી અને પૂરતી બચાવની તક આપેલ. તેમણે જે માંગણી કરેલ તે અંગે હુકમ કરેલ અને તે માંગણીની પૂર્તતા કરેલ અને તેમને તપાસ અધિકારીએ સમજાવી અને તપાસના કામે પ્રતિનિધિ રાખવું હોય તો રાખવાની હકીકત જણાવવા છતાં તેમણે પ્રતિનિધિ રાખવાની ના પાડેલ અને તેમને મેનેજમેન્ટનાં તમામ સાક્ષીઓની સંપૂર્ણ ઉલટ તપાસ કરવા સહકર્મચારીને સાથમાં રાખવા વ્યાજબી અને પુરતી સગવડ આપેલ અને તેમણે મેનેજમેન્ટનાં સાક્ષીની ઉલટ તપાસ કરેલ અને આ રીતે તેમને સાક્ષી તપાસવાની પણ પૂરતી તક આફેલ અને આ રીતે તપાસ અધિકારીએ દરેક તબક્કે કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કરીને ચાને કે, બીજા પક્ષકારને વ્યાજબી અને પૂરતી બચાવની તક આપીને ખાતાકીય તપાસ પૂરી કરેલ. ખાતાકીય તપાસ અધિકારીએ તપાસ દરમ્યાન જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા પડેલ હતા તે પુરાવાઓનું સંપુર્ણ અને તટસ્થ રીતે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને આધારે મુલ્યાંકન કરેલ અને મુલ્યાંકનથી સ્પષ્ટ રીતે સાબિત થતુ હતું કે, પડેલા પુરાવાને આધારે બીજા પક્ષકાર સામે મુકવામાં આવેલ તહોમતનામું સાબિત થતુ હતું અને તેથી તપાસ અધિકારીએ તેમનું તારણ મેનેજમેન્ટને સોપેલ અને આ તારણમાં બીજા પક્ષકારને તેમની સામે મુકવામાં આવેલ તહોમતનામા અંગે કસુરવાન ઠરાવેલ અને તપાસ અધિકારીએ તેઓ ક્યા કારણસર અને કઈ રીતે કેવા પુરાવાના આધારે મંતવ્ય ઉપર આવેલ છે તેની સ્પષ્ટ ચર્ચા તેમના તહોમતનામામાં કરેલ અને આ રીતે તેમનું તારણ કાયદેસરનું, વ્યાજબી પુરાવા ઉપર આધારિત અને પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબનું હતું અને તેથી મેનેજમેન્ટ સમક્ષ તપાસ અધિકારીએ તારણ મુકતા મેનેજમેન્ટ તપાસ અધિકારીનાં તારણ સાથે સંપૂર્ણ રીતે સહમત થયેલ અને બીજા પક્ષકાર સામે તપાસ અધિકારીનિં તહોમત પૂરવાર થતું હોવાનું જણાયેલ હોય મેનેજમેન્ટ બીજા પક્ષકારે કરેલ ગેરકૃત્ય, સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયામાં

અશિસ્ત, સંસ્થાના અસ્તિત્વ ઉપર થયેલ અસરની વિગતોની તટસ્થપણે અને સ્પષ્ટપણે ચર્ચા–વિચારણા કરીને અભ્યાસ કરેલ અને બોર્ડ ઓફ ડાયરેક્ટર એવા નિર્ણય ઉપર આવેલ કે બીજા પક્ષકાર સામે પૂરવાર થયેલ ગેરકૃત્ય ગંભીર પ્રકારનું અને તેમણે તેમનામાં મુકેલ વિશ્વાસ ગુમાવી દે એવુ કૃત્ય કરીને મેનેજમેન્ટને વિશ્વાસ ગુમાવેલ છે અને તેમનની સામે પૂરવાર થયેલ ગેરકૃત્યની ગંભીરતા જોતા અને તેની સીધી અસર સંસ્થાની ઉત્પાદન, પ્રક્રિયા, શિસ્ત, કામદાર માલિકના સંબધં ઉપલા અધિકારીઓના હુકમનું પાલન અને સંસ્થાનું અસ્તિત્વ અને નાણાકીય બાબતને અસર કરનાનરુ હતું. જો તમામ કર્મચારી એકબીજાના મેળાપીપણામાં ગંભીર પ્રકારના ગેરકૃત્ય કરી ઉપલા અધિકારીના વ્યાજબી હુકમ માનવાની ના પાડે તો તેનાથી ઉભા થતા પ્રશ્નો સંસ્થા માટે ગંભીર હોય અને સંસ્થામાં અંધાધૂધી ફેલાય અને સંસ્થઆનું અસ્તિત્વ જોખમાય અને હરીફાઈના યુગમાં હરીફો તેનો ફાયદો મેળવી સંસ્થાની પ્રતિષ્ઠા અને અસ્તિત્વને જોખમમાં મુકવા તમામ કાર્યવાહી કરે એટલુ જ નહિ પરંતુ, સંસ્થા હરીફાઈના યુગમાં ટકી શકે નહિ અને સંસ્થા બંધ કરવી પડે અને જો બંધ કરવામાં આવે તો બીજા કામદારો પણ બેકાર બને અને આ રીતે બેકારીના ખપ્પરમાં હોમાય અને તે સંજોગોમાં પણ બીજા પક્ષકારે કરેલ કૃત્યથી તેમણે વિશ્વાસ ગુમાવેલ હોય તેમને નોકરીમાં રાખવાથી સંસ્થાનું અસ્તિત્વ જોખમાતુ હોય અને શિસ્તના પ્રશ્નો ઉભા થતા હોય અને તેમણે કરેલ ગેરકૃત્ય ગંભીરપ્રકારનું હોય મેનેજમેન્ટ તરફથી બીજા પક્ષકારને નોકરીમાંથી બરતરફ કરવાની સજા કરવાનું નક્કકી કરેલ. પરંતુ, આવો નિર્ણય ફક્ત હંગામી ધોરણે કરવામાં આવેલ અને આ હુકમ કરતા પહેલા તેમને સાંભળવાની સંપૂર્ણ તક આપી, તેમને રજુઆત કરવાની તક આપી તેમની રજુઆત ધ્યાનમાં લઈ કરવામાં આવનાર સજાનો હુકમ યર્થાર્થ છે કે કેમ? તે તપાસી છેવટનો હુકમ કરવાનો નિર્ણય થયેલ બીજા પક્ષકારને બીજી કારણદર્શક નોટિસ આપીને અને તેની સાથે તપાસ અધિકારીના તારણની નકલ પણ આપવામાં આવેલ જે તેમને રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં આવેલ. પરંતુ તેમણે હંમેશાની આદત મુજબ તે સ્વીકારવાની ના પાડેલ અને આ રીતે તેમની રજુઆત કરવા આપેલ તકમો ઉપયોગ કરેલ નહિ. આ રીતે બીજા પક્ષકારની વર્તણુક જોતા અને તેમણે કરેલ ગેરકૃત્યની

ગંભીરતા અને તેમનું કૃત્ય લોસ ઓફ કોન્ફીજડન્સવાળુ હોય તેમને નોકરીમાંથી ડીસ્ચાર્જ કરવાનો નિર્ણય કરેલ અને તેમના નિકળવા પાત્ર હક્ક–હિસ્સાના નાણા પેટે તેમને ચેક મેળવી લેવાનું જણાવવામાં આવેલ. સબબ આ રીતે તેમણે કરેલ ગેરકૃત્યની ગંભીરતા બાબતે પ્રથમ પક્ષકારે સંપૂર્ણ માઈન્ડ એપ્લાય કરેલ અને સંસ્થા તેના અસ્તિત્વ અને શિસ્ત વિરૂધ્ધનું કોઈ કૃત્ય કરે તો યુનિયન પ્રવૃત્તિના નામે ચલાવી લે નહિ અને જ્યારે ઉત્પાદન પ્રક્રિયા વિરૂધ્ધનું કૃત્ય હોય ત્યારે તે ખરેખર ગંભીર બને અને તે સંજોગોમાં સજા પૂરતી યોગ્ય ગુનાના પ્રમાણમાં વ્યાજબી અને સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ છે અને તેમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માલિકે કરેલ સજાના હુકમ અંગે હસ્તક્ષેપ કરવાની કોર્ટની સત્તા બાબતે અસંખ્ય ચુકાદાઓ ઉપલી કોર્ટે આપેલ છે તેમાં સ્પષ્ટ કરેલ છે કે, જો માલિકે કાયદેસરની ખાતાકીય તપાસ કરી હોય અને તપાસ અધિકારીએ ગેરકૃત્ય પૂરવાર થતું તારણ આપેલ હોય તો કર્મચારી વિરૂધ્ધ કઈ સજા કરવી એ માલિકની વિષય– વસ્તુ છે તેમાં કોર્ટે કોઈ નિર્ણય કરવાનો થતો નથી સિવાય કે, કરવામાં આવેલ સજા આઘાતજનક રીતે વધુ પડતી હોય આ કેસમાં એવુ કહી શકાય નહી કે સજા આઘઆતજનક રીતે વધુ પડતી છે અને તે સંજોગોમાં તેમના વિરૂધ્ધ કરેલ સજા તપાસ અધિકારીના ફાઈન્ડીંગ અને તેની કાયદેસરતા જોતા હાલના રેફરન્સની કોઈ દાદ તેમને કાયદેસર રીતે મળવા પાત્ર નથી અને તેથી તેમનો રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે એમ ન હોય રદ કરવા અને અમોને ખર્ચ અપાવવા જરૂરી હુકમ ફરમાવશોજી.આ કામના બીજા પક્ષકાર બેકાર નથી અને તેઓ સારી નોકરીમાં લાગેલ છે અને આજે પણ નોકરી કરતા આવેલ છે અને તેઓ એમ જણાવતા હોય કે બેકાર છે તો તે સાબીત કરવાની જવાબદારી સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ તેમની હોય તે અંગે દિવસો– દિવસ લેખે પુરાવા રજુ કરવા આથી બીજા પક્ષકારને નોટીસ આપવામાં આવે છે. સબબ તેમને પડેલા દિવસના પગારની કોઈ રકમ ઉપરોક્ત કારણોસર તેમને મળવા પાત્ર નથી અને તેથી આ રેફરન્સ રદ કરવા અરજ છે.

જો નામદાર કોર્ટ એવા મંતવ્ય ઉપર આવે કે બીજા પક્ષકાર સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની છે તો તેવા સંજોગોમાં

અમો પ્રથમ પક્ષકાર નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ કોર્ટ સમક્ષ પુરાવા લઈ આવી બીજા પક્ષકાર વિરૂધ્ધનું ગેરકૃત્ય પુરવાર કરવા આથી પરવાનગી લઈએ છીએ અને એવો હક્ક અબાધીત રાખીએ છીએ.જો નામદાર કોર્ટ એવા મંતવ્ય ઉપર આવે કે, તપાસ અધિકારનું તારણ Perverse છે તો તે સંજોગોમાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના ભારત ફોર્જ કંપનીના ચુકાદા મુજબ અમો પ્રથમ પક્ષકાર નામદાર કોર્ટ સમક્ષ પુરાવા લઈ ફાઈન્ડીંગ અંગે પણ કાર્યવાહી કરવાનો હક્ક અબાધિત રાખીએ છે અને જે તે પરવાનગીની જે તે સમય માંગણી કરીશું.આ અંગે બીજ પક્ષકારના માંગણા નિવેદનની તમામ હકીકતો ખરી નથી અને તે કબુલ નથી અને સ્પષ્ટપણે કબુલ્ય કર્યા સિવાયની માંગણા નિવેદનની તમામ હકીકતો ખોટી છે અને તેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે અને તે સાબિત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે અને રહેશે. આ કામે બીજા પક્ષકાર જો કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરે કે નવા પુરાવા રેકર્ડ ઉપર આવે તો તે સંજોગોમાં અમો વધારાનું લેખિત નિવેદન રજુ કરવાનો હક્ક અબાધિત રાખીએ છે. સબબ, બીજા પક્ષકાર વિરૂધ્ધ કોઈ કિન્નાખોરી કે અનફેર પ્રેક્ટીસ અપનાવી નથી કે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરેલ નથી. પરંતુ, શુધ્ધબુધ્ધિપુર્વક કાયદેસરનો હુકમ પ્રથમ પક્ષકારે કાયદા મુજબની કાર્યવાહી કરીને કરેલ હોય અને દરેક તબક્કે કુદરતી ન્યાયનાં સિધ્ધાંતનું પાલન થયેલ હોય બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકતો નથી અને તેમને માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબની કોઈ દાદ મળી શકતી નથી અને તેમનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ છે.

(૩/૧) તેમજ સામાવાળા તરફે આંક-૯ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી ઈન્કવાયરી સંદર્ભેના દસ્તાવેજો રજુ રાખેલ જે દસ્તાવેજો નીચે મુજબ છે.

-- દસ્તાવેજી પુરાવા--

આંક	નિશાની	વિગત	તારીખ	પેજ નં.
૧૪	૯/૧	પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરવા બાબતનો પત્ર	૨૯/૦૫/૧૨	૧

૧૨	૯/૨	કામદાર દ્રારા કરવામાં આવેલા વિવિધ ગેરવર્તનો દર્શાવતું તહોમતનામું રહેઠાણના સરનામે રજી.એડી. પોસ્ટ દ્રારા ઘરના સરનામે પાઠવેલ.(આંક–૧ અને આંક–૪)	૧૮/૦૬/૧૨	૨ થી ૬
૧૫	૯/૩	તા.૧૮/૦૬/૧૨ ના રોજના તહોમતનામાના અનુસંધાનમાં કામદારનો લેખિત ખુલાસો (આંક–૭)	૨૫/૦૬/૧૨	૭ થી ૧૧
૧૩	૯/૪	કામદારનો તા.૨૫/૦૬/૧૨ નો લેખિત ખુલાસો અસંતોષકારક હોવાથી કામદારની સામે તા.૨૩/૦૭/૧૨ ના રોજ ખાતાકીય તપાસ યોજવામાં આવેલ તેની જાણ કરતો પત્ર રજી.એડી. પોસ્ટ દ્રારા ઘરના સરનામે પાઠવેલ.(આંક ૨ અને ૩)	૦૩/૦૭/૧૨	૧૨ થી ૧૩
–	૯/૫	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસમાં રજુઆત અધિકારીશ્રી દ્રારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ (આંક–૫/૧ થી આંક–૫/૬૪)	૨૩/૦૭/૧૨	૧૪ થી ૯૩
૧૬	૯/૬	ખાતાકીય તપાસમાં કામદાર દ્રારા બચાવ પ્રતિનિધિ રોકવા પરવાનગી મેળવવા કેરલ અરજી (આંક–૬)	૨૩/૦૭/૧૨	૯૪
૧૭	૯/૭	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની તપાસ અધિકારીશ્રી દ્રારા કરવામાં આવેલ પ્રોસેડીંગના પાના નં.૧ અને ૨	૨૩/૦૭/૧૨	૯૫ થી ૯૬
૧૮	૯/૮	ખાતાકીય તપાસમાં કામદાર દ્રારા બચાવ પ્રતિનિધિ રોકવા પરવાનગી મેળવવા કેરલ અરજી (આંક–૮)	૨૧/૦૮/૧૨	૯૭
૧૯	૯/૯	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની તપાસ અધિકારીશ્રી દ્રારા કરવામાં આવેલ પ્રોસેડીંગના પાના નં. ૩ અને ૪	૨૧/૦૮/૧૨	૯૮ થી ૯૮–
૨૦	૯/૧૦	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની	૧૭/૦૯/૧૨	૯૯

		તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ <u>પ્રોસેડીંગના</u> પાના નં. ૫ ની નકલ		
–	૯/૧૧	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસમાં રજુઆત અધિકારીશ્રી દ્વારા રજુ કરેલ વધુ <u>દસ્તાવેજી પુરાવાની</u> નકલ (આંક–૯ થી આંક–૧૨)	૧૫/૧૦/૧૨	૧૦૦ થી ૧૦૪
૨૧	૯/૧૨	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ <u>પ્રોસેડીંગના</u> પાના નં. ૬ ની નકલ	૧૫/૧૦/૧૨	૧૦૫
–	૯/૧૩	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસમાં રજુઆત અધિકારીશ્રી દ્વારા રજુ કરેલ વધુ <u>દસ્તાવેજી પુરાવાની</u> નકલ (આંક–૧૩)	૦૫/૧૧/૧૨	૧૦૬ થી ૧૦૭
૨૨	૯/૧૪	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ <u>પ્રોસેડીંગના</u> પાના નં. ૭ અને ૮ ની નકલ	૦૫/૧૧/૧૨	૧૦૮ થી ૧૦૯
૨૩	૯/૧૫	કામદાર સામે ચાલતી ખાતાકીય તપાસની તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ <u>પ્રોસેડીંગના</u> પાના નં. ૯ અને ૧૦ ની નકલ	૦૬/૧૨/૨૦૧૨	૧૦૦ થી ૧૧૧
–	૯/૧૬	તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસનો હેન્ડ રાઈટીંગ <u>તપાસ રિપોર્ટ</u> પાના નં. ૧ થી ૭ ની નકલ	૨૭/૧૨/૨૦૧૨	૧૧૨ થી ૧૧૮
–	૯/૧૭	તપાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસનો કોમ્પ્યુટરાઈઝ <u>તપાસ રિપોર્ટ</u> પાના નં. ૧ થી ૧૨ ની નકલ	૧૨/૦૩/૧૩	૧૧૯ થી ૧૩૦
૨૪	૯/૧૮	ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીશ્રી એ કામદારને દોષિત ઠેરવતા કામદારને વધુ એક તક આપવાના હેતુથી આપેલ <u>સેકન્ડ શો કોઝ</u> <u>નોટીસ</u> રહેઠાણના સરનામે મોકલાવી.	૨૩/૦૧/૧૩	૧૩૧ થી ૧૩૨

–	૯/૧૯	તા. ૨૯/03/૧૩ ના રોજની સેકન્ડ શો કોઝ નોટીસ બાબતમાં કામદારનો લેખિત ખુલાસો	૩૦/૦૧/૧૩	૧૩૩ થી ૧૩૯
–	૯/૨૦	તા. ૩૦/૦૧/૧૩ ના રોજ કામદારનો લેખિત ખુલાસો સંતોષકારક ન હોવાથી કામદારને વધુ એક તક આપવા સેકન્ડ શો કોઝ નોટીસ–૨ રહેઠાણના સરનામે મોકલાવી.	૧૩/૦૩/૧૩	૧૪૦ થી ૧૪૧
–	૯/૨૧	તા. ૧૩/૦૩/૧૩ ના રોજની સેકન્ડ શો કોઝ નોટીસ–૨ બાબતમાં કામદારનો લેખિત ખુલાસો	૨૪/૦૬/૧૩	૧૪૨ થી ૧૪૩
–	૯/૨૨	કામદારનો તા.૩૦/૦૩/૧૩ નો લેખિત ખુલાસો સત્યથી વેગળો અને અસંતોષકારક હોવાથી કામદારને કંપનીની નોકરીમાંથી ડીસ્ચાર્જ હુકમની જાણ કરતો પત્ર રજી.એ.ડી.પોસ્ટ દ્વારા ઘરના સરનામે પાઠવેલ.	૧૯/૦૬/૧૩	૧૪૪ થી ૧૪૬
–	૯/૨૩	કંપનીની નોકરીમાંથી કાયમી અસરથી બરતરફ કરતા કામદારના નીકળતા હક્કોના નાણાની વિગત દર્શાવતું Full and final clearance sheet	૧૯/૦૬/૨૦૧૩	૧૪૭ થી ૧૪૯
–	૯/૨૪	તા. ૧૯/૦૬/૧૩ ના રોજના ડીસ્ચાર્જ હુકમ બાબતે કામદારનો લેખિત ખુલાસો.	૦૧/૦૭/૧૩	૧૫૦
–	૯/૨૫	કંપનીની નોકરીમાંથી કાયમી અસરથી બરતરફ કરતા કામદારને ગ્રેજ્યુટી એક્ટ હેઠળ મળવાપાત્ર ગ્રેજ્યુટીના નાણા બાબતનો ચેક, પત્ર અને રસીદની નકલ રજી.એડી. પોસ્ટ દ્વારા ઘરના સરનામે પાઠવેલ.	૦૨/૦૯/૨૦૧૩	૧૫૧ થી ૧૫૪
–	૯/૨૬	તા. ૦૨/૦૯/૧૩ ના રોજના ગ્રેજ્યુટીના નાણા બાબતનો પત્ર બાબતે કામદારનો લેખિત ખુલાસો.	૧૧/૦૯/૧૩	૧૫૫

(૪) સદર કામે અરજદાર દ્વારા આંક–૧૦ થી ખાતાકીય તપાસ પડકારતા હોવા સંદર્ભેની અરજી આપેલાનું રેકર્ડ જોતા જણાય આવતું હોય અને જે અરજી અનવ્યે જે તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી દ્વારા હુકમ કરી ખાતાકીય તપાસની કાયદેસરતા સંદર્ભેનો મુદ્દો કાઢેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

ત્યારબાદ અરજદાર તરફે ખાતાકીય તપાસ પડકારતા હોય તે સંદર્ભે આંક–૧૧ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. અને તેમાં માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતો સોગંદ પર દોહરાવેલાનું જણાય આવે છે.

જે સંદર્ભે અરજદારની સામાવાળા તરફે વિ.વ.શ્રી દ્વારા કરેલ ઉલટ તપાસ જોઈએ તો, "હું ૧૨ સુધી ભણેલો છું. ઈંગ્લીશ લખીને વાંચી શકું છું. સહી પણ ઈંગ્લીશમાં કરુ છું. સને ૨૦૧૪ માં સંસ્થામાં આશરે ૬૦૦ થી ૭૦૦ માણસો કામ કરતા હતા એ વાત ખરી છે કે, હું યુનિયનનો સભ્ય હતો ગુજરાત રાજ્ય કામદાર સેના યુનિયનનો સભ્ય હતો તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. બધા કામદારો યુનિયનના સભ્ય હતા. એ વાત ખરી નથી કે, અમોએ ઉપરોક્ત યુનિયનમાં જોડાયા અંગેની જાણ લેખિતમાં કરેલ નહિ. એ વાત ખરી છે કે મેનેજમેન્ટ કિન્નાખોરી રાખતી તે અંગેના પણ કોઈ પુરાવા રજુ કરેલા નથી. નિ.૯/૨ થી ચાર્જશીટ રજુ છે. જેને સદર કામે આંક–૧૨ આપવામાં આવે છે એ વાત ખરી છે કે, નિ.૯/૪ થી મે મારો લેખિત ખુલાસો આપેલ છે જેને આંક–૧૩ આપવામાં આવે છે. નિ.૯/૪ વાળા પત્રમાં એવુ જણાવેલ છે કે, સુરેશભાઈ રઘુવંશી અમારા ઈન્કવાયરી ઓફીસર રહેશે અને દિલિપભાઈ રાઠોડ મેનેજમેન્ટ તરફે આવશે એ વાત ખરી છે કે, નિ.૯/૧ થી મેં વકીલ રોકવા પરવાનગી આપેલ ન હતી. એ વાત ખરી નથી કે તપાસ અધિકારીએ અમારી અરજી નામંજુર કરતી વખતે કારણો આપેલા ન હતા.

"એ વાત ખરી છે કે, અમોએ કામદાર સેનામાં જોડાવા બાબતનો કોઈ લેખિતપત્ર મેનેજમેન્ટને જાણ કરતો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમોએ મેનેજમેન્ટ અણગમો રાખવા અંગેના કોઈ લેખિત પુરાવા સદર કામે રજુ કરેલા નથી. તા.૧૯/૦૬/૨૦૧૨ ના રોજનું તહોમતનામુ શા બાબતનું હતુ તે હાલ મને યાદ નથી એ વાત ખરી છે કે, જે તે વખતે

તહોમતનામું અમને આપેલુ અને અમોએ તેનો જવાબ આપેલો. એ વાત ખરી છે કે, અમોએ તહોમતનામુ સમજી અને યુનિયન સાથે પરામર્શ કરી જવાબ આપેલો. એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસની નોટિસ અમોને મળતા અમોને અમારા વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરેલાની જાણ થયેલી. એ વાત ખરી છે કે, હું હાજર થતા ખાતાકીય તપાસ શરૂ કરેલી. ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી રઘુવંશી કરીને હતા. એ વાત ખરી નથી કે અમોએ તપાસ અધિકારી વિરૂધ્ધનો વાંધો મેનેજમેન્ટને આપેલો નથી. અમોએ તપાસ અધિકારી વિરૂધ્ધના વાંધા મેનેજમેન્ટને આપેલા. અમો મેનેજમેન્ટને આપેલા વાંધાની નકલ રજુ કરીશુ એ વાત ખરી નથી કે અમોએ વાંધાની નકલ તપાસ અધિકારીને આપેલી. એ વાત ખરી છે કે અમોને કાગળ મળતા તપાસ અધિકારી શ્રી રઘુવંશી અમારી તાપસ કરવાના છે તેવી ખબર પડેલી. સંસ્થા તરફે રજુઆત કરનાર અધિકારી શ્રી રાઠોડ કરીને હતા અને તે અંગેની જાણ મેનેજમેન્ટએ અમોને કરેલી એ વાત ખરી છે કે, તપાસ કરનાર અધિકારીની તપાસ ખોટી છે તેવું અન્ય કોઈ કેસમાં જાહેર થયેલ હોય તેવુ અમારી જાણમાં નથી. એ વાતની મને ખબર નથી કે તપાસ અધિકારીશ્રી રઘુવંશીએ સંસ્થાના વિરૂધ્ધમાં તપાસના ચુકાદા આપેલા છે. એ વાત ખરી છે કે, સંસ્થા તપાસ અધિકારીની નિમણુક કરે એટલે તેઓની ફી સંસ્થાએ ચુકવવી પડે. એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસના પ્રોસીડીંગ્સ પુરા થતા અમારી તેમજ તપાસ અધિકારીની દરેક મુદ્દતની સહીઓ લેવામાં આવતી એ વાત ખરી નથી કે નકલો પણ પુરી પાડવામાં આવતી. એ વાત ખરી છે કે અમો તપાસની દરેક મુદ્દતે હાજર રહી સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે અમોએ હાલના યુનિયમાંથી રાજીનામું આપી અન્ય યુનિયનમાં જોડાયેલા. અમો ગુજરાત કામદાર રાજય સેના યુનિયન સભ્ય ક્યારથી બન્યા તે અંગેનો પુરાવો રજુ કરીશુ. એ વાત ખરી છે કે, સંસ્થાએ ન્યુટ્રલ ગ્લાસ એમ્પ્લોઈ યુનિયનને માન્યતા આપેલી છે અને અત્યાર સુધીના વેતનના કરારો યુનિયને સંસ્થા સાથે કરેલા છે. એ વાત ખરી છે કે અમોએ તથા અમારા સહકર્મચારીઓ મારફતે સંસ્થાના તપાસ અધિકારી ન્યુટ્રલ ગ્લાસ એમ્પ્લોઈ યુનિયન મારફતે રજુઆત કરવા માટેની કોઈ અરજી આપેલી નથી.

એ વાત ખરી છે કે, બાચવના પ્રતિનિધિ બહારથી લાવવા માટે અરજી તપાસ અધિકારીને આપતા તેઓએ અમારી અરજી નામંજુર કરેલી જે રેકર્ડ પર છે એ વાત ખરી છે કે, તપાસ વખતે મેનેજમેન્ટ તરફે જે સાક્ષીઓ આવતા તેની ઉલટ તપાસ અમોએ કરેલી અને અમારી હાજરીમાં સાક્ષીને તપાસતા. એ વાત ખરી છે કે, જયારે અમને તક આપેલી ન હતી ત્યારે અમોએ તપાસ અધિકારીશ્રીને અરજી આપેલી જેન નિર્ણય જે તે વખતે તપાસ અધિકારીએ કરેલો. એ વાત ખરી છે કે, અમારા ગુજરાત કામદાર સેના યુનિયન અને યુનિયનના હોદ્દેદારોની સલાહ લીધેલી. એ વાત ખરી છે કે, બંન્ને પક્ષકારો તરફે રજુ થતા દસ્તાવેજી પુરાવાની નકલો પરસ્પર એકબીજાને આપતા હતા એ વાત ખરી છે કે, દર મુદ્દતની પ્રોસીડીંગ્સની નોંધ તેમજ સહીઓ તપાસ અધિકારી દ્વારા લેવામાં આવતા મને નિ.૯/૧,નિ. ૯/૨, નિ.૯/૩, નિ.૯/૬, નિ.૯/૭, નિ.૯/૮, નિ.૯/૯, નિ.૯/૧૦, નિ.૯/૧૨, નિ.૯/૧૪, નિ.૯/૧૫ માં મારી સહી છે.જે વિગેરે દસ્તાવેજો માં મારી સહી છે જે હું કબુલ મંજુર રાખુ છુ. જેની નકલો મને મળેલ છે. જેથી સદર દસ્તાવેજો ને આંક–૧૨ થી ૨૩ આપવામાં આવે છે.૯/૧૬ નો તપાસ અધિકારીનો રિપોર્ટ મને મળેલો મને નિ.૯/૧૮ ની બીજી કારણદર્શક નોટિસ મળેલ છે. જેની એકનોલેજમેન્ટમાં મારી સહી છે. જેને આંક–૨૪ આપવામાં આવે છે. જેનો જવાબ મે નિ.૯/૧૯ થી આપેલો છે જેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, મેં ખાતાકીય તપાસમાં નિવેદન આપેલુ અને મારી ઉલટતપાસ થયેલી એ વાત ખરી છે કે, અમને નિર્વાહ ભથ્થુ આપતા હતા. અમોને અડધો પગાર આપતા હતા. એ વાત ખરી નથી કે તપાસ અધિકારીનું જજમેન્ટ મને બીજી કારણદર્શક નોટિસ સાથે મળેલુ. મારે તપાસ અધિકારીની બીજી કારણદર્શક નોટિસ અંગે કશુ કહેવુ નથી. એ વાત ખરી નથી કે તપાસની અંદર અમને પુરતી તક મળેલી હોવા છતા અમો સોગંદ ઉપર ખોટી જુબાની આપીએ છીએ.એ વાત ખરી છે કે, તપાસ અધિકારીની તપાસ દરમ્યાન મને જે વાંધા હતા તે મે લેખિતમાં તપાસ અધિકારીને આપેલા. મને નિર્વાહ ભથ્થુ મારા ખાતામાં જમા કરાવી દેતા.

(૪/૧) ત્યારબાદ અરજદાર તરફે વધુ કોઈ પુરાવાઓ આપવા માંગતા ન હોય આંક–૨૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાય આવે છે.

(૫) ત્યારબાદ કામ સામાવાળાના પુરાવા ઉપર આવતા સામાવાળા તરફે ઈન્કવાયરી ઓફીસરશ્રી સુરેશભાઈ નારીમલ રઘુવંશીનું સરતપાસનું સોગંદનામું આંક–૨૬ થી રજુ રાખેલ હોય અને જેમાં સાહેદ દ્વારા ઈન્કવાયરી સંદર્ભે કરેલ કાર્યવાહીની હકીકતો સોગંદ ઉપર દોહરાવેલાનું જણાય આવે છે.

ઉપરોક્ત સાહેદની અરજદાર તરફે વિ.પ્રતિનિધીશ્રી દ્વારા કરેલ ઉલટ તપાસ જોઈએ તો, "હું સાઉથ ગુજરાતમાં ખાતાકીય તપાસ અધિકારી તરીકે છેલ્લા ૪૨ વર્ષથી કામગીરી કરૂ છું.સદર કામે મેં જે ખાતાકીય તપાસ કરેલ તે સંદર્ભે સંસ્થાએ મને તપાસ અધિકારી તરીકે અધિકૃત્ત કરતો કોઈ હુકમ કરેલ હોય, તેવો કોઈ હુકમ ખાતાકીય તપાસના કામે રજુ નથી. સંસ્થા વતી ખાતાકીય તપાસના કામે રજુઆત અધિકારી તરીકે હાજર રહેલ વ્યક્તિને સંસ્થાએ અધિકૃત્ત કરેલ હોય તેવો કોઈ લેખિત હુકમ તપાસના કામે રજુ થયેલ નથી. મને આજરોજ ખાતાકીય તપાસના પ્રોસીડીંગ્સ બતાવવામાં આવે છે. જે જોતા પ્રથમ મુદ્દતે કે ત્યારબાદ પડેલ મુદ્દત દરમ્યાન ખાતાકીય તપાસની પ્રોસીજર સંદર્ભે કે તબક્કા બાબતે અરજદાર કામદારને સમજાવેલ હોય તે બાબતેની કોઈ નોંધ કરેલ હોય તેવું જણાતું નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મેં મૌખિક જાણ કરેલ. એ વાત ખરી છે કે, મૌખિક જાણ કરેલ તે સંદર્ભેની કોઈ હકીકત હાલના સોગંદનામામાં કે ખાતાકીય તપાસના પ્રોસીડીંગ્સમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસ સંદર્ભેની થયેલ કાર્યવાહી અમારા અક્ષરમાં પણ લખેલ છે તથા અન્ય પાસે પણ લખાવેલ છે. નોંધ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારો અકસ્માત થયેલ જેથી બીજા પાસે લખાવેલ.ખાતાકીય તપાસની કાર્યવાહી જે તે તારીખે પુર્ણ થયા બાદ કાર્યવાહીની નોંધ કામદારને વાંચી સંભળાવેલ હોય તેવી કોઈ નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, કામદારે બચાવ માટે પ્રતિનિધી રોકવા સારૂ અરજી આપેલ અને જે અરજી મેં નામંજુર કરેલ. એ વાત ખરી નથી કે તપાસ દરમ્યાન સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની નકલ કામદારને આપવામાં

આવેલ નથી.

એ વાત ખરી નથી કે, જે દિવસના પ્રોસીડીંગ્સમાં કામદારની સહી નથી તેની નકલ કામદારને આપેલ નથી. એ વાત ખરી છે કે, મને આજરોજ ઈન્કવાયરીના પ્રોસીડીંગ્સ બતાવવામાં આવે છે જેમાં અમુક પ્રોસીડીંગ્સમાં જે તે દિવસે કામદાર તપાસમાં હાજર રહેલ હોય તે સંદર્ભેની તેની સહી છે પરંતુ તેને પ્રોસીડીંગ્સની નકલ આપેલ હોય તેવો કોઈ શેરો તે પ્રોસીડીંગ્સના કામે કરેલ નથી. એ વાત ખરી નથી કે, કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ કરેલ છે. એ વાત ખરી નથી કે, સંસ્થાના રજુ થયેલ સાહેદોની ઉલટ તપાસ કરવાની તક અરજદારને આપેલ નથી. એ વાત ખરી નથી કે, સંસ્થાના સાહેદોની ઉલટ તપાસ મેં મારી જાતે લખેલ છે એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસના કામે જે દિવસે સંસ્થા તરફે તેનો પુરાવો પુરો કરેલ તે જ દિવસે અરજદાર કામદારનું નિવેદન લેવામાં આવેલ. એ વાત ખરી નથી કે, મેં અરજદાર કામદારનું નિવેદન ઉપરોક્ત જણાવ્યા મુજબ તે જ દિવસે અરજદાર પાસેથી દબાણ કરાવીને લીધેલ. અરજદાર દ્વારા નિવેદન આપ્યા બાદ તેને કોઈ સાક્ષી પુરાવા રજુ કરવા છે તેવું પુછેલ હોય તેવી કોઈ નોંધ નથી. સાહેદ જણાવે છે કે પહેલા પુછેલ છે. એ વાત ખરી છે કે, તપાસ અધિકારી તરીકે તારણો આપતી વખતે મારે અરજદાર કામદારને ભુતકાળ ધ્યાને લેવાનો હોતો નથી. એ વાત ખરી નથી કે, હાલનું સોગંદનામું માત્ર ખાતાકીય તપાસની કાર્યવાહી સંદર્ભેનું છે.

એ વાત ખરી છે કે, હાલના કામદારની તથા હાલના કેસ સાથે ચાલતા અન્ય કેસોના કામદારોની પણ ખાતાકીય તપાસ મેં કરેલ છે. ખાતાકીય તપાસના કામે પ્રથમ તારીખે કે સમગ્ર તપાસ પુરી થઈ તે દરમ્યાન સંસ્થા તરફે કોઈ સાહેદોની યાદી રજુ રાખેલ નહી. એ વાત ખરી નથી કે, તપાસ દરમ્યાન સાહેદોના નિવેદન કામદારીની હાજરીમાં લેવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે, કામદાર દ્વારા તપાસ દરમ્યાન મૌખિક તથા લેખિતમાં ખાતાકીય તપાસ સંદર્ભે વાંધા લેવામાં આવતા હતા તે મેં ધ્યાને લીધેલ નથી. એ વાત ખરી નથી કે, મેં તપાસનો રીપોર્ટ મારા હસ્તાક્ષરમાં લખી સંસ્થાને આપેલ પરંતુ તે વાંચી શકાય તેવો ન હોય જેથી ટાઈપ કરીને આપેલ.

એ વાત ખરી નથી કે, કામદાર લેખિતમાં જે પણ કોઈ રજુઆત કરતા તે હું રેકર્ડ ઉપર લેતો ન હતો. એ વાત ખરી નથી કે હું સંસ્થા સાથે ખાતાકીય તપાસ અધિકારી તરીકે સંકળાયેલ હોઉ મેં ખાતાકીય તપાસ સંસ્થાના હિતમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ બચાવની તક આપ્યા વગર કરેલ છે. એ વાત ખરી નથી કે, સંસ્થાને મદદ કરવા સારૂ થઈ હાલની ખોટી જુબાની આપુ છું."

(૫/૧) સદર કામે બંન્ને પક્ષકારો દ્વારા આંક–૨૭ થી સંયુક્ત પુરસીસ રજુ રાખેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે. ત્યારબાદ સામાવાળા તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૨૮ થી ક્લોઝીંગ પુરસીસ રજુ રાખેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૬) ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવતા સદર કામે અરજદાર તરફે વિ. પ્રતિનિધીશ્રી દ્વારા હાલનો રેફરન્સ તથા તેની સાથે ચાલતા અન્ય રેફરન્સ કેસોના કામે ઈન્કવાયરીના મુદ્દા સંદર્ભે કોમન મૌખિક દલીલો કરેલ હોય અને જણાવેલ છે કે, ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે અને જોગવાઈને આધીન બચાવની તક આપીને કરેલ છે કે કેમ તે ધ્યાને લઈ નક્કી કરવાનું હોય અને સદર કામે અરજદાર તરફે રજુ રાખેલ પુરાવો ધ્યાને લેતા તથા સામાવાળાના સાહેદની અમો દ્વારા કરેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા અરજદારને ઈન્કવાયરીના કામે જોગવાઈઓને આધીન બચાવની તક આપેલ હોય તેવું જણાય આવતું નથી.તપાસ અધિકારી નિમણૂકપત્ર આપેલ હોય તેવો કોઈ પત્ર સદર કામે સામાવાળા તરફે રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી.તપાસ અધિકારીની અમો દ્વારા સદર કામે કરેલ ઉલટ તપાસમાં પણ તેમના દ્વારા નીમણૂકપત્ર આપેલ ન હોવાનું સ્વીકારેલ છે જે ધ્યાને લેતા પણ ખાતાકીય તપાસ બિનઅધિકૃત વ્યક્તિએ કરેલ છે. તપાસની કાર્યવાહીના પ્રોસીડીગ્સ ધ્યાને લેતા તપાસની સમજ કામદારને આપેલ હોય તેવું જણાય આવતું નથી. તેમજ સાક્ષીઓનું લીસ્ટ પણ ઈન્કવાયરીના કામે રજુ થયેલ હોય કે કામદારોને આપેલ હોય તેવું જણાય આવતું નથી. તપાસ અધિકારીના અક્ષરો ધ્યાને લેતા અમો પણ વાંચી શકીએ તેમ ન હોય ત્યારે અભણ કામદારો કઈ રીતે વાંચી શકે અને કામદારો પૈકી અમુક કામદારો નોન ગુજરાતી હોય અને જેઓને પુરતી સમજ

આપેલ છે કે, કેમ તે સંદર્ભેની કોઈ નોંધ તપાસના કામે થયેલ હોય તેવું ઈન્કવાયરી સંદર્ભેના પેપર્સ ધ્યાને લેતા જણાય આવતું નથી. અરજદારને બચાવના પ્રતિનિધી રોકવાની કોઈ તક આપેલ નથી. અને અરજદાર દ્વારા વકીલ રોકવા આપેલ અરજી અન્વયે હુકમ કરેલ નથી અને તે સંદર્ભે આપેલ તારણ વ્યાજબી નથી માન્યતા પ્રાપ્ત થયેલ યુનિયન સંદર્ભે જે પણ કોઈ હકીકત સામાવાળા દ્વારા જણાવેલ છે તે એક પ્રકારની અનફેર લેબર પ્રેક્ટીસ છે. ઈન્કવાયરીના કામે થયેલ તમામ પ્રોસીડીગ્સની નકલો તથા રજુ કરવામાં દસ્તાવેજી પુરાવાઓની નકલ અરજદારને આપવામાં આવેલ નથી. ઈન્કવાયરીના કામે તપાસેલ સાક્ષીઓની ઉલટ તપાસ કરવા માટે વ્યાજબી અને પુરતી તકો આપેલ નથી. તેમજ કામદારને જાતે પ્રશ્ન પુછવા બાબતે પણ મનાઈ ફરમાવેલ છે. મેનેજમેન્ટનો પુરાવો પુરો થયા બાદ અરજદાર પાસે ત્વરિત ખુલાસો/ નિવેદન માંગેલ છે અને તે સંદર્ભે અરજદારને પુરતો સમય આપેલ નથી. સદર કામે તપાસ અધિકારી દ્વારા કરેલ સોગંદનામાનાં પેરા–૩ ધ્યાને લેતા ક્યા પ્રકારની અને કઈ તક આપેલ છે તે સંદર્ભે કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ તપાસ અધિકારી દ્વારા સોગંદનામામાં ખોટી હકીકતો જણાવેલ હોય અને તપાસ અધિકારીની અમો તરફે કરેલ ઉલટ તપાસ ધ્યાને લેતા પણ અમારા તરફે લીધેલ બચાવને સમર્થન મળતુ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે. તપાસ અધિકારી પ્રોફેશનલ વ્યક્તિ હોય અને ખાતાકીય તપાસ સંદર્ભેનો બહોળો અનુભવ ધરાવતા હોય જે કારણોસર અરજદારને પુરતી તકો આપેલ નથી.આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની ગેરકાયદેસર અને અરજદારને બચાવની પુરતી તકો આપ્યા વગર કરેલાનું ઠરાવવા નમ્ર અરજ છે. અરજદાર તરફે પ્રતિનિધીશ્રી દ્વારા હાલનો રેફરન્સ તથા તેની સાથે ચાલતા અન્ય રેફરન્સ કેસો સંદર્ભે તેની ઉપરોક્ત દલીલના સમર્થનમાં રેફરન્સ કેસ નં.૫૫/૨૦૧૪ ના કામે આંક–૩૬ ના લીસ્ટથી નીચે મુજબના કોમન ચુકાદાઓ રજુ રાખેલ છે.

1. Sur Enamel and Stampingworks (P) V/s. Their Workmen, Equivalent Citations (1964 SCR (3) 616 (SC))
2. Indrani bai V/s. Union of India Equivalent Citations (1994 SCC.Supl.(2)256 JT

1994(3) 580 (SC))

3. Gujarat State Fertilizers and Chemicals Ltd. V/s. Industrial Tribunal. Special Civil Appli. no. 9544 of 2009. (High Court of Gujarat.)
4. Divyesh Govindbhai Kunvariya V/s. State of Gujarat R/Special Civil Appli. no.12000 of 2022. (High Court of Gujarat.)
5. Taj Mahal Hotel V/s. Industrial Tribunal I and Ors Gov of NCT of Delhi and Ors. LPA 504/2010, (Delhi High Court)

(૬/૧) સદર કામે કામ સામાવાલાની દલીલ ઉપર આવતા સામાવાળા દ્વારા હાલનો રેફરન્સ તથા તેની સાથે ચાલતા અન્ય રેફરન્સ કેસો સંદર્ભે રેફરન્સ કેસ નં.૫૫/૨૦૧૪ ના કામે આંક–૩૭ ના લીસ્ટથી સંસ્થાને લાગુ પડતા સ્થાયી હુકમોની કોમન કોપી રજુ રાખેલ. ત્યારબાદ સામાવાળા તરફે વિ.વ.શ્રી દ્વારા હાલનો રેફરન્સ તથા તેની સાથે ચાલતા અન્ય રેફરન્સ કેસો સંદર્ભે કોમન મૌખિક દલીલો કરેલ તથા કોમન લેખિત દલીલ રેફરન્સ કેસ નં.૫૫/૨૦૧૪ ના કામે આંક–૩૮ થી રજુ રાખેલ હોય અને જણાવેલ છે કે, અરજદાર દ્વારા જે તે સમયે ચાર્જશીટનો રીપ્લાય આપેલ છે અને ત્યારે કોઈ તકરાર લીધેલ નથી. અરજદારને ખરેખર કઈ તક અને ક્યારે તક મળેલ નથી અને તે સંદર્ભે તેણે જે તે સમયે કોઈ તકરાર લીધેલ હોય તેવી કોઈ હકીકત અરજદાર સાબિત કરી શકેલ નથી. વકીલ રોકવાની ના પાડેલ છે પરંતુ સાથી કર્મચારીને રોકવા જણાવેલ છે અને તે હુકમથી અરજદાર માહિતગાર હોય છતાં તેના દ્વારા ત્યારબાદ કોઈ સાથી કર્મચારીને રોકેલ નથી.અરજદારની અમો દ્વારા કરેલ ઉલટ તપાસ ધ્યાને લેતા પણ અરજદારને જે તે સમયે પુરતી તકો મળેલાનું જણાય આવે છે અને અરજદાર બારોબાર યુનિયન પ્રતિનિધીની સલાહ લેતા હોય જેથી પણ તે ઈન્કવાયરીની કાર્યવાહીથી માહિતગાર ન હોય તે હકીકત માની શકાય નહિ. આ તમામ ખાતાકીય તપાસના કામે જોવામાં આવે તો બીજા પક્ષકાર કામદારને ચાર્જશીટ મળી ગયેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. તેમજ તેઓને ખાતાકીય તપાસ અંગે ઈન્ટીમેશન પણ મળેલ હોવાનું રેકર્ડ પરથી સાબિત થાય છે એટલુ જ નહીં પણ પરંતુ આ નોટીસ મળતા તેઓએ હાજર થવાની કાર્યવાહી કરેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવે છે. આ બાબતે વધુમાં જણાવવાનું કે, તેમનો કેસ એવો છે કે, તેઓ એક પ્રતિષ્ઠિત અને

પાવરકુલ યુનિયન યાને કે ગુજરાત કામદાર સેના સાથે જોડાયેલા અને વખતો વખત તેઓ પાસે સલાહ સુચન મેળવતા હતા, અને તે કારણે તેમને નોકરીમાંથી દુર કરેલ છે. હવે આ તપાસના કામે જો જોવામાં આવે તો દરેક કર્મચારીએ તેની ઉલટતપાસમાં સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે, ચાર્જશીટ મળ્યા બાદથી છેવટ સુધી તેમને ગુજરાત કામદાર સેનાના આર.સી. પટેલ તરફથી જે કાંઈ સલાહ સુચન જરૂરી હોય તે મળતા હતા અને ખાતાકીય તપાસ અંગે પણ જરૂરી સલાહ સુચન મેળવવા માટે તોઓ પોતે તેમના યુનિયનના પ્રતિનિધી પાસે જઈ તે મુજબની કાર્યવાહી કરતા હતા. " ત્યારે આ તબક્કે અગત્યની દલીલ એ છે કે, તેઓ જો સલાહ સુચન મેળવી કામ કરતા હોય ત્યારે આ અંગે પણ જરૂરી સલાહ મેળવેલ હશે અને ખાતાકીય તપાસ કઈ રીતે થાય તે અંગે ખાતાકીય તપાસ અધિકારીએ કોઈ સમજ આપવાનો નથી પરંતુ બીજા પક્ષકાર યુનિયનની છત્રછાયા હેઠળ તેઓના સભ્ય બની ખાતાકીય તપાસ અંગે સલાહ લેતા હોય ત્યારે સ્વભાવિક છે કે તેઓએ સલાહ– સુચન લીધેલ અને તેમનું એડમીશન છે અને તેથી તેમને કોઈ પૂર્વગ્રહ થયેલ નથી અને ખાતાકીય તપાસ અધિકારીએ તેમને સમજ ન આપવાને કારણે કોઈ પૂર્વગ્રહ તેમને થયેલ નથી. ખાતાકીય તપાસનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જો કોઈ તક આપવામાં ન આવી હોય તો તે બાબતે તેઓ તપાસ અધિકારી સમક્ષ વાંધો લખાવે, આવો એમનો કોઈ કેસ નથી કે તેમણે વાંધો લીધેલ હોય, અને તપાસમાં લખાવેલ ન હોય. તમામ કર્મચારીઓને પ્રોસીડીંગ્સની નકલ આપવામાં આવી છે અને કેટલાક કર્મચારીને સહી ન હોય એટલા માત્રથી તેમને પ્રોસીડીંગ્સની નકલ આપી નથી એવુ કહી શકાય નહિ, અને જ્યારે કર્મચારીની દલીલ ખાતર માની લઈએ કે નકલ મળી ન હોય તો તેમણે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કર્યો ત્યાં સુધી કોઈ નકલની માંગણી કરેલ નથી અને Law of Estopples અને Waiver નો સિધ્ધાંત જોતા તેઓએ આવી તકરાર કોર્ટમાં તેમના સશક્ત અને હોંશીયાર વકીલની સલાહ લીધા બાદ પોતે હોવાનું રૂપ બદલી બજી હકીકતો જણાવી શકે નહી, અને જણાવે તો તે Rule of Law અને ખાતાકીય તપાસના સિધ્ધાંત કે જેની વિગતવાર ચર્ચા નીચે કરવામાં આવેલ છે તે મુજબ પણ આ કારણસર કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થયેલ હોવાનું

માની શકાતું નથી સબબ ખાતાકીય તપાસમાં મેનેજમેન્ટના સાક્ષીને તપાસ્યા બાદ તેમણે કોઈ ઉલટતપાસ કરવા અરજી આપી નથી અને એ સુચવે છે કે, તપાસની નોંધ મુજબ તેમણે ઉલટતપાસ કરવી નથી, એવી હકીકત તેમણે જણાવતા તે સંજોગોમાં કોઈ તક ન મળે અને પછી ૬–૮ મહિના સુધી ઔધોગિક વિવાદ ઉપસ્થિત થયો નહી ત્યાં સુધી આ અંગેની ફરિયાદ તપાસ અધિકારી કે મેનેજમેન્ટને કરવામાં ન આવે ત્યારે ડાહ્યો માણસ સામાન્ય સંજોગોમાં એ નિર્ણય ઉપર આવે કે આ હકીકત ઉપજાવી કાઢેલ છે અને તેમણે ખાતાકીય તપાસને પડકારવાના હેતુથી આવી ખોટી હકીકત જણાવેલ છે. તે જ રીતે ખાતાકીય તપાસ અધિકારીએ તેમને સાક્ષી તપાસવા અંગે જણાવેલ નથી એવી બાબત દલીલમાં ઉપસ્થિત કરેલ છે જે પ્લીડીંગનો ભાગ નથી. અને તે અંગે જણાવવાનું કે, જ્યારે શહેરના પ્રતિષ્ઠિત આગળ પડતા યુનિયનના તેઓ સભ્ય હોય અને વખતો વખત તેમણે ખાતાકીય તપાસ દરમ્યાન પણ સલાહ–સુચન તેમની પાસેથી મેળવ્યા હોય અને જો તક ન મળી એવુ માન્યુ હોય તો ત્યારબાદ પણ રહસ્મય રીતે શાંત રહી આવી કોઈ તકરાર વકીલને મળ્યા ત્યાં સુધી ન ઉપસ્થિત કરે તેનાથી જ સ્પષ્ટને સ્પષ્ટ અનુમાન થાય છે કે, આવી કોઈ બાબત બનેલ નથી.

દરેકે દરેક તક ન આપવાથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ થતો નથી પરંતુ તે માટે બીજા પક્ષકારે પોતે સાબિત કરવુ પડે કે આ તક મળી નથી અને તેને લીધે તેમને પ્રેજ્યુડાઈઝ થયેલ છે, અને આ બાબત તેમણે પ્લીડીંગમાં લેવી પડે. બીજા પક્ષકારને સહકર્મચારી મારફત બચાવની તક કરવાની પરવાનગી સ્થાયી હુકમો મુજબ આપવામાં આવેલ છે પરંતુ તેઓએ સહકર્મચારીને સાથે રાખેલ નથી કે સહકર્મચારીનું નામ આપીને તેઓ કોની મારફત બચાવ કરવા માંગે છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. એવી કોઈ અરજી આપેલ નથી કે તેમને સહકર્મચારી મારફત બચાવ કરવાની તક આપેલ નથી અને તે તબક્કે તે ધ્યાનમાં રાખવાનું કે બીજા પક્ષકારે આપવામાં આવેલ તકનો ઉપયોગ કરેલ નથી, અને એ સ્વૈચ્છિક કૃત્ય છે અને તેનાથી કુદરતી ન્યચાના સિધ્ધાંતનો ભંગ થતો નથી. ખાતાકીય તપાસ દરમ્યાન કામદાર તરફે સાક્ષીની ઉલટતપાસ કરવાની ના પાડેલ અને પોતે સાક્ષી તપાસવા અંગે કોઈ માંગણી કરેલ નથી અને

જેને આધારે તપાસ અધિકારીએ તપાસ પૂર્ણ કરેલ છે ત્યારે આવી કામદારની વર્તણુંક હોવા છતા રેકર્ડથી ઉપરવટ જઈ તેમને તક આપી નથી એવા નિર્ણય ઉપર આવીને ખાતાકીય તપાસ ગેરકાયદેસર જાહેર કરી શકાય? આ બાબતે જ્યારે કર્મચારીનું પ્લીડીંગ અને તે બાબતના Proof અગત્યની બાબત છે. કામદાર ભલે પોતે કાયદાની જાણકાર નથી પરંતુ તેમણે પહેલા એક સ્ટ્રોગ યુનિયનની સલાહ લઈ તેમની કબુલાત મુજબ ખાતાકીય તપાસમાં કાર્યવાહી કરતા આવેલ છે. આ મહત્વનું પરિબળ ધ્યાનમાં લેતા જ્યારે તેઓ ઉલટ કરવાની ના પાડે અને સાક્ષી તપાસવાની કોઈ માંગણી ન કરે તો તે સંજોગોમાં તપાસ અધિકારી કોઈપણ રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતના ભંગ માટે જવાબદાર ઠરી શકે નહી, કારણ કે, ખાતાકીય તપાસ દરમ્યાન તેમની વર્ણતુક અને ખાસ કરીને તેમને જે તકની જરૂર હોય તેની માંગણી કરવી પડે અને જ્યારે તેમને ઉલટ તપાસ કરવાની ના પાડી નથી કે તેમને સાક્ષી તપાસવાની પરવાનગી આપી નથી તેવી કોઈ માંગણી તેમણે ખાતાકીય તપાસના કામે કરેલ ન હોય ત્યારે ખાતાકીય તપાસ અધિકારી કુદરતી ન્યાયના સિધ્ધાંતના ભંગ બાબતે જવાબદાર નથી. આમ, ઉપરોક્ત દલીલો તથા લેખિત દલીલમાં જણાવેલ તમામ હીકકતો ધ્યાને લઈ અરજદાર સામે કરેલ ઈન્કવાયરી કાયેદસર કુદરતી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે હોવાનું ઠરાવવા નમ્ર અરજ કરેલ છે. સામાવાળા તરફે પોતાની દલીલના સમર્થનમાં હાલનો રેફરન્સ તથા તેની સાથે ચાલતા અન્ય રેફરન્સ કેસો સંદર્ભે કોમન ઓથોરીટી લીસ્ટ રેફરન્સ કેસ નં.૫૫/૨૦૧૪ ના કામે આંક–૩૯ થી રજુ રાખી નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

1. Mr. Cipla Ltd. and Others V/s S. Ripu Daman Bhanot and Anothor (1999 LAB.I.C. 1648, (Supreme Court)).
2. Bharat Petroleum Corporation Ltd. V/s Maharashtra Genral Kamgar Union and Others, (1999(81) FLR 358, (Supreme Court)).
3. Narang Latex and Dispersions Pvt.Ltd. V/s S.V. Suvarna and Anr. (1972 ILLJ 80, (Bombay High Court)).
4. Gujarat State Road Transport Corpo. and Others V/s Mayurkumar I. Shaherwala, (2003(2) LLJ 407, (Gujarat High Court)).

5. Rustom And Hornsby (I) Ltd. V/s T. B. Kadam, (1975 LLJ 352 (Supreme Court)).
6. Delhi Cloth and General Mills Co.Ltd. V/s Ganesh Dutt (1972 172, (SC)).
7. Tushar D. Bhatt V/s. State of Gujarat (2004 (3) GLH 150).
8. Syed Hassan Ali V/s. State of Mysore and others (1965 (II)LLJ 583, (Mysore))
9. Hira Nath Mishra and others V/s. Rajendra Medical College, (1973(2) LLJ (III), (SC)).
10. G.Ravindran V/s. The ChairmanCochin Port Trust and others (1979 LAB I.C. 258, (Kerala HC)).
11. Chandrama Tewari V/s. Union of India (1988 LAB 339, (SC)).
12. Tripathi K.L V/s. State Bank of India (1984 (I) LLJ 2, (SC))
13. Dalmia Dadri Cement Ltd. V/s Shri Murari Lal Bikaneria (1976 (I) LLJ 416, (SC)).
14. Aligarh Muslim University V/s. Mansoor Alikhan (2001 (91) FLR 28, (SC)).
15. Rashmikant G. Dave V/s. State Bank of India (2010 (I) LAB I.C. 523, (Gujarat High Court)).
16. Awadesh Kumar Bhatnagar V/s. Gwalior Rayon Silk MFG. Weaving Ltd. (1972 (II) LLJ 143 (SC)).
17. Highh Range Estate Employees Association (CITU) V/s. Industrial Tribunal, Idukki and others (2008 (III)LLJ 43 (Kerala)).
18. Harinarayan Srivastava V/s. United Commercial Bank and another (1997 FLR 268 (SC)).
19. Gautambhai Devshankar Dave V/s. State of Gujarat (2004(I) G.L.H. 603)
20. State Bank of Patiala V/s. S.K. Sharma (1996(2) LLJ 296, (SC)).

(૭) આમ, ઉપરોક્ત તમામ હકીકતો તથા સદર કામે રજુ થયેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના દસ્તાવેજો, બંને પક્ષકારોની દલીલો લક્ષમા લઈ નીચે પ્રમાણેના મુદ્દાઓ ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત કરવામાં આવે છે.

:: મુદ્દા ::

૧. શું અરજદાર કામદાર પુરવાર કરે છે કે તેમની વિરૂધ્ધ સામાવાળા સંસ્થા દ્વારા જે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવેલ છે તે ખાતાકીય તપાસની કાર્યવાહી કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ તેમજ ગેરકાયદેસર, ગેરવ્યાજબી છે કે કેમ?

૨. આખરી હુકમ શું હોઈ શકે?

:: જવાબ ::

૧. મુદ્દા નં.૧–નકારમાં.

૨. મુદ્દા નં.૨– આખરી હુકમ મુજબ.

:: કારણો ::

મુદ્દા નં.૧–

(૮) આમ, ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા સૌપ્રથમ એ વિગત નોંધવી ઉલ્લેખનીય રહશે કે, હાલના કેસમાં સામાવાળી સંસ્થા દ્વારા અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસ યોગ્ય, ન્યાયી અને કુદરતી ન્યાય નીતિના સિધ્ધાંતોને અનુસરીને કરવામાં આવેલ છે કે, કેમ? તેમજ અરજદાર કામદારને ઈન્કવાયરી દરમ્યાન પુરતી તક આપવામાં આવેલ છે કે કેમ? તે હકીકત આ તબક્કે નકક્કી કરવાની રહે છે. જે સંદર્ભે સૌપ્રથમ જોઈએ તો, સદર કામે અરજદાર તરફે તેને વકીલ રોકવા પરવાનગી ન આપેલ હોવા સંદરેભે તથા પ્રતિનિધીશ્રી સંદર્ભેની જે પણ કોઈ તકરાર લીધેલ હોય તે સંદર્ભે સૌપ્રથમ ઔધોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ ૧૯૪૬ ની ૨૫(૪) ની જોગવાઈ લક્ષમાં લઈએ તો,–

૨૫઼઼ઃ–(૧) ગેરવર્તણુક માટે દોષિત કામદારોને,–.........

(૨)..........

(૩)..........

(૪) જે કામદારની વિરૂધ્ધ તપાસ કરવાની હોય તેને તેની વિરૂધ્ધ ઉપસ્થિત થતા

સંજોગો સ્પષ્ટ રીતે જણાવતું અને સ્પષ્તા કરવા જણાવતું એક તહોમતનામું આપવુ જોઈશે. અને તે જે વિભાગમાં પોતાના જેવુ કામ કરતા કામદાર મારફત બચાવ કરવાની પરવાનગી આપવી જોઈશે. તપાસ કરનાર અધિકારીએ લેખિત નોંધવાના કારણોસર હોય તે સિવાય, કામદારને સ્વબચાવમાં સાક્ષીઓ રજુ કરવાની અને જેમના પુરાવા ઉપર તહોમતનો આધાર હોય તેવા કોઈ સાક્ષીની ઉલટ–તપાસ કરવાની પરવાનગી આપવી જોઈએ. બેમાંથી કોઈ એક પક્ષે આપેલ પુરાવાનો ટુંકસાર અને કામદારની દલીલોની નોંધ કરવી જોઈએ.

ઉપરોક્ત જોગવાઈ લક્ષમાં લેતા પણ અરજદારને તેની સામે સામાવાળા દ્વારા કરેલ ઈન્કવાયરીના કામે બચાવ કરવા સારુ વકીલ રોકવાનો અધિકાર હોય તેવું જણાઈ આવતું નથી તેમજ ઉપરોક્ત જોગવાઈ મુજબ તપાસ અધિકારી દ્વારા અરજદારને તેનો બચાવ કરવા માટે તે જે વિભાગમાં પોતાના જેવું કામ કરતા કામદાર મારફતે બચાવ કરવાની તક આપેલ ન હોય તેવી કોઈ હકીકત કે પુરાવો અરજદાર તરફે રેકર્ડ ઉપર આવેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતું ન હોય, તેમજ સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી કરેલ સરતપાસના સોગંદનામાં સંદર્ભે તેની સામાવાળા તરફે કેરલ ઉલટ તપાસ જોઈએ તો,– " નિ.૯/૧૦ થી મેં વકીલ રોકવાની પરવાનગી અરજી આપેલ હતી. મને વકીલ રોકવા પરવાનગી આપેલ ન હતી. એ વાત ખરી નથી કે તપાસ અધિકારીએ અમારી અરજી નામંજુર કરતી વખતે કારણો આપેલા નહતા. એ વાત ખરી છે કે, જે તે વખતે તહોમતનામું અમને આપેલુ અને અમોએ તેનો જવાબ આપેલો. એ વાત ખરી છે કે, અમોએ તહોમતનામું સમજી અને યુનિયન સાથે પરામર્શ કરી જવાબ આપેલ. એ વાત ખરી છે કે બચાવના પ્રતિનિધી બહારથી લાવવા માટે અરજી તપાસ અધિકારીને આપેલ નથી. એ વાત ખરી છે કે, અમારા ગુજરાત કામદાર સેના યુનિયન અને યુનિયનના હોદ્દેદારોની સલાહ લીધેલ." તેમજ વધુમાં હાલના તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટનો Crescent Dyes and Chemicals Ltd. V/s. Ram Naresh Tripathi(AIR (SCW) 1993 0 1106) ચુકાદો લક્ષમાં લેતા તેના પેરા–૧૬ માં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જણાવેલ છે કે, 'It is, therefore, clear from the above case law that the right to be represented through counsel or agent can be restricted, controlled or

regulated by statute, rules, regulations or Standing Orders. A delinquent has no right to be represented through counsel or agent unless the law specifically confers such a right. The requirement of the rule of natural justice insofar as the delinquents right of hearing is concerned, cannot and does not extend to a right to be represented through counsel or agent. In the instant case the delinquents right to represented through counsel or agent. In the instant case the delinquents right to representation was regulated by the Standing Orders which permitted a clerk or a workman working with him in the same department to represent him and this right stood expanded on Sections 21 and 22(ii) permitting representation through an officer, staff-mamber or a member of the Union, albeit on being authorised by the State Government. The object and purpose of such provisions is to ensure that the domestic enquiry is completed with despatcha and is not prolonged endlessly. Secondly, when the person defending the delinquent is from the department .... It is, therefore, not correct to contend that the Standing Order or Section 22(ii) of the Act conflicts with the principles of natural justice."

આમ, ઉપરોક્ત ચુકાદો તથા સામાવાળા તરફે રજુ રાખેલ 1. Mr. Cipla Ltd. and Others V/s S. Ripu Daman Bhanot and Anothor (1999 LAB.I.C. 1648, (Supreme Court)). 2. Bharat Petroleum Corporation Ltd. V/s Maharashtra Genral Kamgar Union and Others, (1999(81) FLR 358,(Supreme Court)). 3. Harinarayan Srivastava V/s. United Commercial Bank and another (1997 FLR 268 (SC)). ચુકાદાઓ વંચાણે લેતા તેમજ ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદારને ખાતાકીય તપાસના કામે વકીલ રોકવાની પરવાનગી ન આપવાથી કુદરતી ન્યાયની સિધ્ધાંતનો ભંગ થયેલ હોય કે અરજદારને કોઈ પ્રેઝ્યુડાઈસ થયેલ હોય તેવું જણાય આવતુ નથી. જેથી સદર કામે અરજદાર તરફે તેને વકીલ રોકવા દેવા ખાતાકીય તપાસના કામે પરવાનગી આપેલ ન હોય જેથી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની અને ગેરકાયદેસર હોવા સંદર્ભેની જે દલીલ કરેલ છે તે માનવાપાત્ર જણાય આવતી નથી.

(૯) સદર કામે વધુમાં જોઈએ તો અરજદાર તરફે આંક–૧૧ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ હોય જેની સામાવાળા તરફે વિ.વ.શ્રી દ્રારા કરેલ ઉલટ તપાસ જોઈએ તો, "હું ૧૨

સુધી ભણેલો છું. ઈંગ્લીશ લખીને વાંચી શકું છું. સહી પણ ઈંગ્લીશમાં કરુ છું. સને ૨૦૧૪ માં સંસ્થામાં આશરે ૬૦૦ થી ૭૦૦ માણસો કામ કરતા હતા એ વાત ખરી છે કે, હું યુનિયનનો સભ્ય હતો ગુજરાત રાજ્ય કામદાર સેના યુનિયનનો સભ્ય હતો તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. બધા કામદારો યુનિયનના સભ્ય હતા. એ વાત ખરી નથી કે, અમોએ ઉપરોક્ત યુનિયનમાં જોડાયા અંગેની જાણ લેખિતમાં કરેલ નહિ. એ વાત ખરી છે કે મેનેજમેન્ટ કિન્નાખોરી રાખતી તે અંગેના પણ કોઈ પુરાવા રજુ કરેલા નથી. નિ.૯/૨ થી ચાર્જશીટ રજુ છે. જેને સદર કામે આંક–૧૨ આપવામાં આવે છે એ વાત ખરી છે કે, નિ.૯/૪ થી મે મારો લેખિત ખુલાસો આપેલ છે જેને આંક–૧૩ આપવામાં આવે છે. નિ.૯/૪ વાળા પત્રમાં એવુ જણાવેલ છે કે, સુરેશભાઈ રઘુવંશી અમારા ઈન્કવાયરી ઓફીસર રહેશે અને દિલિપભાઈ રાઠોડ મેનેજમેન્ટ તરફે આવશે એ વાત ખરી છે કે, નિ.૯/૧ થી મેં વકીલ રોકવા પરવાનગી આપેલ ન હતી. એ વાત ખરી નથી કે તપાસ અધિકારીએ અમારી અરજી નામંજુર કરતી વખતે કારણો આપેલા ન હતા. એ વાત ખરી છે કે, અમોએ કામદાર સેનામાં જોડાવા બાબતનો કોઈ લેખિતપત્ર મેનેજમેન્ટને જાણ કરતો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમોએ મેનેજમેન્ટ અણગમો રાખવા અંગેના કોઈ લેખિત પુરાવા સદર કામે રજુ કરેલા નથી. તા.૧૯/૦૬/૨૦૧૨ ના રોજનું તહોમતનામુ શા બાબતનું હતુ તે હાલ મને યાદ નથી એ વાત ખરી છે કે, જે તે વખતે તહોમતનામું અમને આપેલુ અને અમોએ તેનો જવાબ આપેલો. એ વાત ખરી છે કે, અમોએ તહોમતનામુ સમજી અને યુનિયન સાથે પરામર્શ કરી જવાબ આપેલો. એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસની નોટિસ અમોને મળતા અમોને અમારા વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરેલાની જાણ થયેલી. એ વાત ખરી છે કે, હું હાજર થતા ખાતાકીય તપાસ શરૂ કરેલી. ખાતાકીય તપાસ અધિકારી તરીકે શ્રી રઘુવંશી કરીને હતા. એ વાત ખરી છે કે, તપાસ કરનાર અધિકારીની તપાસ ખોટી છે તેવું અન્ય કોઈ કેસમાં જાહેર થયેલ હોય તેવુ અમારી જાણમાં નથી. એ વાત ખરી છે કે, ખાતાકીય તપાસના પ્રોસીડીંગ્સ પુરા થતા અમારી તેમજ તપાસ અધિકારીની દરેક મુદ્દતની સહીઓ લેવામાં આવતી એ વાત ખરી નથી કે નકલો પણ પુરી પાડવામાં આવતી. એ વાત ખરી છે કે અમો તપાસની દરેક મુદ્દતે હાજર રહી

સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે અમોએ હાલના યુનિયમાંથી રાજીનામું આપી અન્ય યુનિયનમાં જોડાયેલા. અમો ગુજરાત કામદાર રાજય સેના યુનિયન સભ્ય ક્યારથી બન્યા તે અંગેનો પુરાવો રજુ કરીશુ. એ વાત ખરી છે કે, સંસ્થાએ ન્યુટ્રલ ગ્લાસ એમ્પ્લોઈ યુનિયનને માન્યતા આપેલી છે અને અત્યાર સુધીના વેતનના કરારો યુનિયને સંસ્થા સાથે કરેલા છે. એ વાત ખરી છે કે અમોએ તથા અમારા સહકર્મચારીઓ મારફતે સંસ્થાના તપાસ અધિકારી ન્યુટ્રલ ગ્લાસ એમ્પ્લોઈ યુનિયન મારફતે રજુઆત કરવા માટેની કોઈ અરજી આપેલી નથી. એ વાત ખરી છે કે, બાચવના પ્રતિનિધિ બહારથી લાવવા માટે અરજી તપાસ અધિકારીને આપતા તેઓએ અમારી અરજી નામંજુર કરેલી જે રેકર્ડ પર છે એ વાત ખરી છે કે, તપાસ વખતે મેનેજમેન્ટ તરફે જે સાક્ષીઓ આવતા તેની ઉલટ તપાસ અમોએ કરેલી અને અમારી હાજરીમાં સાક્ષીને તપાસતા. એ વાત ખરી છે કે, જયારે અમને તક આપેલી ન હતી ત્યારે અમોએ તપાસ અધિકારીશ્રીને અરજી આપેલી જેન નિર્ણય જે તે વખતે તપાસ અધિકારીએ કરેલો. એ વાત ખરી છે કે, અમારા ગુજરાત કામદાર સેના યુનિયન અને યુનિયનના હોદ્દેદારોની સલાહ લીધેલી. એ વાત ખરી છે કે, બંન્ને પક્ષકારો તરફે રજુ થતા દસ્તાવેજી પુરાવાની નકલો પરસ્પર એકબીજાને આપતા હતા એ વાત ખરી છે કે, દર મુદ્દતની પ્રોસીડીંગ્સની નોંધ તેમજ સહીઓ તપાસ અધિકારી દ્રારા લેવામાં આવતા મને નિ.૯/૧,નિ. ૯/૨, નિ.૯/૩, નિ.૯/૬, નિ.૯/૭, નિ.૯/૮, નિ.૯/૯, નિ.૯/૧૦, નિ.૯/૧૨, નિ.૯/૧૪, નિ.૯/૧૫ માં મારી સહી છે. જે વિગેરે દસ્તાવેજો માં મારી સહી છે જે હું કબુલ મંજુર રાખુ છુ. જેની નકલો મને મળેલ છે. જેથી સદર દસ્તાવેજો ને આંક–૧૨ થી ૨૩ આપવામાં આવે છે.૯/૧૬ નો તપાસ અધિકારીનો રિપોર્ટ મને મળેલો મને નિ.૯/૧૮ ની બીજી કારણદર્શક નોટિસ મળેલ છે. જેની એકનોલેજમેન્ટમાં મારી સહી છે. જેને આંક–૨૪ આપવામાં આવે છે. જેનો જવાબ મે નિ.૯/૧૯ થી આપેલો છે જેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, મેં ખાતાકીય તપાસમાં નિવેદન આપેલુ અને મારી ઉલટતપાસ થયેલી." આમ, ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતા તેમજ સામાવાળા તરફે આંક–૯ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ દસ્તાવેજો લક્ષમાં લેતા એવી હકીકત જણાય આવતી

નથી કે ખાતાકીય તપાસના કામે થયેલ પ્રોસીડીંગ્સ/ કાર્યવાહી પૈકી કોઈપણ પ્રોસીડીંગ્સ/ કાર્યવાહી ની જાણ અરજદારને થયેલ ન હોય કે તેની જાણ બહાર કરવામાં આવેલ તેમજ અરજદાર તરફે તેના સોગંદનામામાં જે પણ કોઈ ખાતાકીય તપાસ સંદર્ભેના આક્ષેપો કરેલ છે તે સંદર્ભે જે તે સમયે તપાસ અધિકારી ને કે સંસ્થાને લેખિતમાં જાણ કરેલ હોય તે સંદર્ભેના કોઈ પુરાવા સદર કામે રજુ રાખેલ હોય કે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી. તેમજ સામાવાળા તરફે તપાસેલ સાહેદની અરજદાર તરફે કરેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા પણ અરજદારને ઈન્કવાયરીના કામે પુરતી તક આપવામાં આવેલ ન હોય કે તેની જાણ બહાર કોઈ પ્રોસીડીંગ્સ કે કાર્યવાહી કરેલ હોય અને જેમાં તેને બચાવની કે રજુઆત કરવાની તક આપેલ ન હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી. તેમજ અરજદાર તરફે આંક–૧૧ થી કરેલ સરતપાસના સોગંદનામા સંદર્ભે સામાવાળા તરફે કરેલ ઉલટતપાસ લક્ષમાં લઈએ તો," એ વાત ખરી છે કે, અમોએ તહોમતનામું સમજી અને યુનિયન સાથે પરામર્શ કરી જવાબ આપેલો. એ વાત ખરી છે કે, અમારા ગુજરાત કામદાર સેના યુનિયન અને યુનિયનના હોદેદ્ધારોની સલાહ લીધેલી." આમ, ઉપરોક્ત હકીકત લક્ષમાં લેતા પણ અરજદાર પ્રથમથી જ તેના યુનિયનની સલાહ સુચનોને આધારે ચાલતા હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. ત્યારે તેમના યુનિયન દ્વારા તેમના ઈન્કવાયરીના પ્રોસીડીંગ્સ/કાર્યવાહી સંદર્ભે સમજાવેલ ન હોય તે હકીકત માની શકાય નહી. ખાતાકીય તપાસની કાયદેસરતા નક્કી કરતી વખતે અરજદારને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ ખાતાકીય તપાસના દરેક તબક્કે પોતાની રજુઆત કરવાની યોગ્ય, વ્યાજબી અને ન્યાયી તક મળેલ છે કે કેમ તે જ હકીકત ધ્યાને લેવાની હોય છે, અને સદર અરજદાર સામે જે ખાતાકીય તપાસ કરવામાં આવેલ તે કામે ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા ખાતાકીય તપાસ દરમ્યાન તપાસ અધિકારી દ્વારા એવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય કે જેને કારણે અરજદારને પ્રઝ્યુડાઈસ થાય છે કે તેને પોતાની રજુઆત કરવાની યોગ્ય, વ્યાજબી અને ન્યાયી તક આપેલ ન હોય તેવું જણાય આવતું નથી. સદર કામે સામાવાળા તરફે "The Principles of

natural justice" સંદર્ભે વિવિધ ચુકાદાઓ રજુ રાખેલ જે તમામ માનસહ વંચાણે લીધા તે પૈકી Tripathi K.L V/s. State Bank of India (1984 (I) LLJ 2, (SC)) રજુ રાખેલ ચુકાદાના પેરા–૩૧ માં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જણાવેલ છે કે, " The principles of natural justice will, therefore, depend upon the fact and circumstances of each particular case." જે ધ્યાને લેતા અને ઉપરોક્ત કરેલ ચર્ચા લક્ષમાં લેતા સદર કામે પણ અરજદારને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ ખાતાકીય તપાસના દરેક તબક્કે પોતાની રજુઆત કરવાની યોગ્ય, વ્યાજબી અને ન્યાયી તક મળેલાનું જણાય આવે છે.

(૧૦) સદર કામે અરજદાર તરફે રજુ રાખેલ ચુકાદાઓ જોઈએ તો,–

1. Sur Enamel and Stampingworks (P) V/s. Their Workmen, Equivalent Citations (1964 SCR (3) 616 (SC))

અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી ઈન્કવાયરીના મુદ્દા સંદર્ભે સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ હોય જેની સામાવાળા તરફે કરેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા અરજદારને દરેક તબક્કે પુરતી તકો મળેલાનું અને અરજદાર તેમના યુનિયન પ્રતિનિધીની સલાહ લેતા હોવાનું જણાય આવતું હોય ત્યારે ઉપરોક્ત ચુકાદા સદર કામે અરજદારને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

2. Indrani bai V/s. Union of India Equivalent Citations (1994 SCC.Supl.(2)256 JT 1994(3) 580 (SC))

અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય ઉપરોક્ત ચુકાદા સદર કામે અરજદારને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

3. Gujarat State Fertilizers and Chemicals Ltd. V/s. Industrial Tribunal. Special Civil Appli. no. 9544 of 2009. (High Court of Gujarat.)

અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી ઈન્કવાયરીના મુદ્ધા સંદર્ભે સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ હોય જેની સામાવાળા તરફે કરેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા અરજદારને દરેક તબક્કે પુરતી તકો મળેલાનું અને અરજદાર તેમના યુનિયન પ્રતિનિધીની સલાહ લેતા હોવાનું જણાય આવતું હોય તેમજ ઉપરોક્ત પેરા–૮ માં જણાવેલ ચુકાદાઓ વંચાણે લેતા ઉપરોક્ત ચુકાદા સદર કામે અરજદાર ને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

4. Divyesh Govindbhai Kunvariya V/s. State of Gujarat R/Special Civil Appli. no.12000 of 2022. (High Court of Gujarat.)

અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી ઈન્કવાયરીના મુદ્ધા સંદર્ભે સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ હોય જેની સામાવાળા તરફે કરેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા ઈન્કવાયરીના કામે તપાસ અધિકારી દ્રારા કરેલ દરેક પ્રોસીડીંગ્સ તથા હુકમોથી અરજદાર માહીતગાર હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, અને અરજદાર દ્રારા ઈન્કવાયરી ઓફીસરશ્રીનો કોઈપણ હુકમ ચાલતી ઈન્કવાયરીના કામે પડકારેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી, તેમજ અરજદાર તેમના યુનિયન પ્રતિનિધીની સલાહ–સુચનો લેતા હોવાનું પણ તેની ઉલટ તપાસ માં રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે ઉપરોક્ત ચુકાદા સદર કામે અરજદાર ને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

5. Taj Mahal Hotel V/s. Industrial Tribunal I and Ors Gov of NCT of Delhi and Ors. LPA 504/2010, (Delhi High Court)

અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય ઉપરોક્ત ચુકાદા સદર કામે અરજદારને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

(૧૦/૧) સદર કામે સામાવાળા તરફે રજુ રાખેલ ચુકાદાઓ જોઈએ તો,-

1. Narang Latex and Dispersions Pvt.Ltd. V/s S.V. Suvarna and Anr. (1972 ILLJ 80, (Bombay High Court)).

સામાવાળા તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય ઉપરોક્ત ચુકાદા સદર કામે સામાવાળાને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

2. Gujarat State Road Transport Corpo. and Others V/s Mayurkumar I. Shaherwala, (2003(2) LLJ 407, (Gujarat High Court)).
3. Rustom And Hornsby (I) Ltd. V/s T. B. Kadam, (1975 LLJ 352 (Supreme Court)).

સામાવાળા તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ ઉપરોક્ત ચુકાદાઓ રેફરન્સ કેસના કામે થયેલ એવોર્ડ સંદર્ભેના હોય ઉપરોક્ત ચુકાદા સદર કામે સામાવાળાને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

4. Delhi Cloth and General Mills Co.Ltd. V/s Ganesh Dutt (1972 172, (SC)).

સામાવાળા તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ ઉપરોક્ત ચુકાદો આઈ.ડી.એક્ટની કલમ-૩૩(૧)(બી) ઉપરનો હોય

જ્યારે હાલનો રેફરન્સ આઈ.ડી.એક્ટની કલમ–૧૦(૧) અન્વયેનો હોય ઉપરોક્ત ચુકાદા સદર કામે સામાવાળાને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

5. Tushar D. Bhatt V/s. State of Gujarat (2004 (3) GLH 150).

સામાવાળા તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ હાલના રેફરન્સ કેસના કામે અરજદાર/કામદાર દ્ધારા સામાવાળા દ્ધારા તેમને છુટા કરવાનો કરેલ હુકમ ડાયરેક્ટ નામદાર હાઈકોર્ટમાં પડકારેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું ન હોય, ઉપરોક્ત ચુકાદા સદર કામે સામાવાળાને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

6. Syed Hassan Ali V/s. State of Mysore and others (1965 (II)LLJ 583, (Mysore))
7. Hira Nath Mishra and others V/s. Rajendra Medical College, (1973(2) LLJ (III), (SC)).
8. G.Ravindran V/s. The ChairmanCochin Port Trust and others (1979 LAB I.C. 258, (Kerala HC)).
9. Dalmia Dadri Cement Ltd. V/s. Shri Murari Lal Bikaneria (1976 (I) LLJ 416, (SC)).
10. Rashmikant G. Dave V/s. State Bank of India (2010 (I) LAB I.C. 523, (Gujarat High Court)).
11. High Range Estate Employees Association (CITU) V/s. Industrial Tribunal, Idukki and others (2008 (III)LLJ 43 (Kerala)).
12. State Bank of Patiala V/s. S.K. Sharma (1996(2) LLJ 296, (SC)).

સામાવાળા તરફે રજુ રાખેલ ઉપરોક્ત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા પરંતુ ઉપરોક્ત ચુકાદાઓના કેસની હકીકત તથા સંજોગો તથા હાલના રેફરન્સ કેસ ની હકીકત તથા સંજોગો અલગ અલગ હોય તેમજ ઉપરોક્ત કરેલ ચર્ચા લક્ષમાં લેતા ઉપરોક્ત ચુકાદા સદર કામે સામાવાળાને મદદરૂપ ન થતા હોવાનુ અમોનુ નમ્રપણે માનવું છે.

આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારને કુદરતી ન્યાય નીતિના સિધ્ધાંતો મુજબ ખાતાકીય તપાસ દરમ્યાન યોગ્ય, વ્યાજબી અને પૂરતી તક મળેલ હોવાનું ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતા જણાય આવતું હોય જે કારણોસર મુદ્દા નં.૧ નો જવાબ 'નકરકામાં' આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

:: હુ ક મ ::

(૧) અરજદાર/ શ્રમયોગી વિરૂદધ સામાવાળા/ સંસ્થા દ્વારા કરવામાં આવેલી ખાતાકીય તપાસ યોગ્ય, ન્યાયી અને કુદરતી ન્યાય નીતિના સિધ્ધાંતો મુજબની હોવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૧૨/૦૪/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ૧૨/૦૪/૨૦૨૪
સ્થળઃ સુરત.

(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૫, સુરત.
Code No.GJ01291